**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. **૨૫૧-૦૦** (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧. ફોન : ૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# ❀ અનુક્રમણિકા ❀

| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| અનાસક્તિ | પૂ. યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| પૂ. માની ઉદારતા ને સમદ્રષ્ટિ | નારાયણ હ. જાની | ૧૩ |
| કર્પૂરવનમાં સ્નેહયજ્ઞમાં ચોથા દિવસે જાણ્યું ને માણ્યું | ડો. બી. જે. જાગાણી | ૧૬ |
| પૂ. માનું આગમન-જાણે વસંતના વધામણાં | સુરેશભાઇ શાહ | ૨૬ |
| ત્રણ દિવસનો સત્સંગ શિબિર | શ્રી મયુર પટેલ | ૩૦ |
| અધ્યાત્મની રજત જયંતિ પ્રસંગે સંદેશો | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૩૩ |
| ભારતમાં હોય તેવાં જ મા મેં જોયાં વિદેશમાં | અર્પિતા જોશી | ૩૫ |
| સાધનાનું રોજિંદા જીવનમાં સ્થાન | પૂ. યોગેશ્વરજી | ૩૯ |
| આદર્શ દ્રષ્ટાંતમાળા | સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ | ૪૫ |
| અંબાજીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી | તંત્રી | ૪૯ |
| તૈત્તિરીય ઉપનિષદ્ | પૂ. યોગેશ્વરજી | ૫૦ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૫૩ |

## ❁ અભિનંદનીય સહાય ❁

વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્ય-ને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહ-યોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.

ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વ-પ્રકારે મંગલ પામો.

—મા સર્વેશ્વરી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૫ જૂન—૨૦૦૪ અંક ૯

# અનાસક્તિ

શ્રી યોગેશ્વરજી

પદ્મ પાણીની વચ્ચે પ્રકટે છે પરંતુ એની અસર દેખીતી રીતે જ અલિપ્ત રહે છે. એનાં પત્રોને પાણીની અથવા કાદવની અસર થતી નથી. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં એની સ્મૃતિ કરા-વતાં કહેવામાં આવ્યું છે કે **पद्मपत्रमिवांभसा.**

અગ્નિને ઊધઈ નથી લાગતી. મહામણિની પાસે મેલ નથી ટકતો. ચંદ્રની ચારે તરફ અસંખ્ય અભ્રોનાં આવરણો આવે છે તો પણ ચંદ્રની કે ચંદ્રની ચારુતા પર એમનો અલ્પ પણ પ્રભાવ નથી પડતો. ચંદ્ર અને એની ચારુતા એથી અલિપ્ત જ રહે છે. શાસ્ત્રો તથા સત્પુરુષોએ સંસારના વિરોધાભાસી વાયુમંડળની વચ્ચે, પારવિનાની પ્રતિકુળ પરિસ્થિતિઓની વચ્ચે, એવી રીતે અસંગરીતે રહેવાનો સંદેશ પૂરો પાડ્યો છે અને એને અના-સક્તિનું નામ આપ્યું છે. અનાસક્તિ મનની અવસ્થા કે ભૂમિકા

છે. એનો અર્થ પદાર્થોનો બાહ્ય પરિત્યાગ નથી. ઘર, કુટુંબ, પરિવાર પ્રવૃત્તિને પરિત્યાગીને દૂર સુદૂરવર્તી સરિતાપ્રદેશ, ગિરિગહ્વર અથવા અરણ્યમાં જતા રહેવું એવો પણ નથી. જગતને ધિક્કારવું અને કર્તવ્યના અનુષ્ઠાનને તિરસ્કારવું એવો પણ નથી થતો. એનો અર્થ તો સૌમાં રહેવું. છતાં પણ સૌથી પર બનીને રહેવું. સૌની વચ્ચે વસવું છતાં પણ હૃદયમાં—અંતરના અંતરતમમાં કોઇને પણ ના વસાવવું, કોઈની મમતા અથવા આસક્તિ ના રાખવી એવો થાય છે. તન સંસારમાં પરંતુ મન પરમાત્મામાં. શ્વાસ સ્થૂલ જટિલ જગતમાં પરંતુ વાસ સૂક્ષ્માતિસૂક્ષ્મ જગતના અધીશ્વરમાં.

પરમાત્માની પ્રીતિ વિના, અલૌકિક આત્મજ્ઞાન વિના, અથવા આત્મનિરીક્ષણ વિના, એવી અનાસક્તિનો આવિર્ભાવ નથી થતો. અને થાય છે ત્યારે સાચી સુખાકારી, શાંતિ તથા પ્રસન્નતાની પ્રાપ્તિ સહજ બને છે. જગત જગદીશ્વરની જ લીલા લાગે છે. બાધક બનવાને બદલે સાધક બને છે. પ્રવૃત્તિ અભિશાપરૂપ નહિ પરંતુ આશીર્વાદરૂપ ઠરે છે.

સમાજમાં ધનની, પદની, પ્રતિષ્ઠાની, સત્તાની, ઐશ્વર્યની, બાહ્ય સુખોપભોગની સ્પર્ધા અને એમાંથી પરિણમનારી આસક્તિ વધી જાય છે ત્યારે સમાજજીવન અસ્થિર, અવ્યવસ્થિત, અશાંત બને છે. એને સ્વસ્થ, સુવ્યવસ્થિત, શાંત રાખવા માટે પ્રત્યેક વ્યકતિએ પોતપોતાના સ્થાનમાં સમ્યક્ રીતે શ્વાસ લેતાં અનાસક્ત રહેવાનો પ્રયાસ કરવો જોઇએ. આરંભમાં એવો પ્રયાસ કરવો પડે છે અને આગળ પર એ પ્રયાસ સહજ બને છે.

આસક્તિ બંધન છે. અનાસક્તિ જીવનમુક્તિની કલ્યાણકેડી છે. ○



# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

### તા. ૨૭—૧૦—૧૯૮૧ મંગળવાર, આસો વદ અમાસ, ૨૦૩૭, સ્થળ : ટોરન્ટો શહેર—કેનેડા.

### દિવાળી

ટોરન્ટોના ડ્રીફ્ટવુડ વિસ્તારના પાંચ નંબરના ઘરમાં ઉપરના માળે પૂ. શ્રીનો ઉતારો છે. પૂ. શ્રી સવારે ૬ વાગ્યે સ્નાન કરી લે છે. આજે દિવાળી છે. પૂ. શ્રીએ સ્નાન કરવા જતા પહેલાં સર્વેશ્વરીને વણમાગ્યે આશીર્વાદ આપ્યા. ''સુખી થાઓ, પ્રભુની ખૂબ ખૂબ કૃપા પામો ને ખૂબ ખૂબ આગળ વધો.'' તો વળી બહાર નીકળ્યા ત્યાં શ્રી સુરેશભાઇ ને વિમળાબેન મળ્યાં. પૂ. શ્રીએ કહ્યું, ''દિવાળી મુબારક, પ્રભુની કૃપા મેળવો. સુખી થાઓ, સંપન્ન થાઓ.'' સ્નાન કરીને પૂ. શ્રી પ્રથમ કામ વ્યાયામનું કરે છે. ત્યારબાદ ગીતાપાઠ કરે છે. થોડી માળા કરી લેખનકાર્ય કરે છે. વચ્ચે દૂધ પીએ છે.

સર્વેશ્વરીનું સવાલાખ જપનું અનુષ્ઠાન પૂર્ણ થયું. આજથી ૧૨૫ માળા સર્વેશ્વરી કરશે જે આજે થઇ ગઇ છે. વળી ગીતા-પાઠ, રામાયણપાઠ, ગુરુબાવનીનો પણ પાઠ થઇ ગયો છે. ત્યારબાદ સર્વેશ્વરી ડાયરીનું લેખન કરે છે.

આ ઘરનો યુવાન પુત્ર વિકાસ પૂ. શ્રીને પ્રણામ કરવા આવે છે. તે કોલેજ જવાનો છે. પૂ. શ્રીએ કહ્યું, ''દિવાળી મુબારક, સારુ ભણો. આ દેશમાં રહીને ભારતના જ રહો. આપણું સત્વ જાળવી રાખો. દિવા બનો.''

લેખનકાર્ય ૧૧-૦૦ વાગ્યે પૂર્ણ થાય છે. માળા હાથમાં લઇ

પૂ. શ્રી આરામ કરે છે. થોડીવાર બાદ પૂ. શ્રી નીચે ઉતરે છે.

નીચેના ભાગમાં રસોડુ છે. જ્યાં સર્વેશ્વરી ખીચડી ને શાક બનાવવાની શરૂઆત કરે છે. પૂ. શ્રી આવેલા પત્રો વાંચે છે. ભોજન લેવાનું બને છે. ખીચડી શાક ને દૂધના ભોજનમાં પૂ. શ્રીએ ખીચડી ને દૂધ જ લીધાં. ભોજન દરમ્યાન પણ પૂ. શ્રીને માતાજીનું સ્મરણ થયું. માતાજીની થોડી વાતો થઇ. ભોજન બાદ પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરીને અધ્યાત્મ માટે એક લેખ તૈયાર કરવાની સૂચના આપે છે–

આજે સાંજે પ્રવચન ન હતું. વાર્તાલાપ હતો. પ્રશ્નોત્તરી હતી. પૂ. શ્રીએ શ્લોક બોલીને દિવાળી ને નૂતનવર્ષની સુંદર વાતો કરતાં કહ્યું : નૂતનવર્ષે મન નવું જ રહે. મન ઉપર આસક્તિ કે ડાઘ લાગે જ નહીં. કબીર સાહેબ કહે, ‘‘પ્રભુ, તેં જે ચાદર મને ઓઢવા આપી હતી તે મેં તેવી જ તને આપી છે.’’

‘‘કોઇ આપણને ચાદર ઓઢવા આપે ને આપણે તેને ફરી આપીએ ત્યારે આપેલી હતી તેનાથી પણ સારી ધોઇને ઇસ્ત્રી કરીને આપીએ તો?’’

ભગવાન આપણને જીવનની ચાદર આપે છે. તે ચાદર આપણે ભગવાનને ફરી આપીએ ત્યારે આપી એનાથી પણ સરસ બનાવીને આપીએ.’’

પણ આપણે તો ચાદર એવી રાખતા નથી, સારી બનાવતા નથી, ઉલ્ટુ બગાડીએ છીએ.

દિવાળીના દિવસો આવે છે તે આપણા જીવન માટે વિશેષ વિચારણા કરવાના દિવસો છે. આપણામાં જે દુર્ગુણો, દુર્વિચારોના ડાઘ છે તેને ધોઇ નાંખીએ. વિકાર, વાસનાઓ છે તેને ધોઇ નાંખીએ. જીવનની ચાદરને સ્વચ્છ બનાવવા નિયમો ને વ્રતો લેવાના આ દિવસો છે.’’



હવે પ્રશ્ન કોઇને પૂછવા હોય તો પૂછો. આજે એક ભાઇએ સેવા, સંયમ, સ્વાધ્યાય, સાધના વિશે પ્રશ્ન પૂછ્યા, જે નોંધને યોગ્ય ન હતા. જેથી નોંધ ન કરી.

સાધનાના પ્રશ્નના ઉત્તરમાં થોડી વાતો કરી પૂ. શ્રીએ સર્વેશ્વરીને દેવપ્રયાગની કુટિયાની વાત કરવા જણાવ્યું, જેથી એ વાર્તાલાપ સર્વેશ્વરીએ આપ્યો.

વાર્તાલાપ બાદ શાંતિપાઠ થયો. આરતી, પ્રસાદ બાદ ઉપર આવી દૂધ પીને આરામ કર્યો.

**નવું વર્ષ (ટોરન્ટો) તા. ૨૮–૧૦–૧૯૮૧, બુધવાર**

નૂતનવર્ષે મારા જીવનના પ્રેરક ને પોષક માતાપિતાને સૌ પ્રથમ દૂરથી પ્રણામ. એમના શુભ આશીર્વાદ મળતા રહે એવી પ્રાર્થના.

આજે પૂ. શ્રીએ જપ પૂરા કર્યા. સર્વેશ્વરીએ પણ પોતાના નિયમની ૧૨૫ માળા, ગીતાપાઠ, ગુરુબાવની, શબરી, નાવિકનો પ્રસંગ, ૪ ભજનોનું વાંચન પૂરુ કર્યું.

આજે પરમ શક્તિએ નીચે મુજબ સંદેશો આપ્યો.

‘‘નવા વરસે અનેક આશીર્વાદ આપું છું.

ખૂબ સુખ મળો. શાંતિ મળો. યશ મળો. સર્વત્ર સર્વ પ્રકારે સફળતા મળો, વધારે ને વધારે વિકાસ કરો. જીવનની ધન્યતા અનુભવો. સ્વાસ્થ્ય સરસ રહો. દીર્ઘાયુ કે પૂર્ણાયુ બનો. સર્વ મનોકામના પૂર્ણ કરો. ઉત્તરોત્તર મારી કૃપાનો વરસાદ વરસો.’’

પરમકૃપાળુ પરમાત્માના અદ્‌ભુત અલૌકિક આશીર્વાદ આજે પ્રથમ પ્રહરમાં મળ્યાથી ખૂબ ખૂબ આનંદ, પ્રસન્નતા પ્રગટી. શ્રી સુરેશભાઇએ વળી આજે પૂ. શ્રી પાસે નૂતનવર્ષે આશીર્વાદની યાચનાનો કાગળ આપ્યો છે આજે નૂતનવર્ષ

એટલે પૂ. શ્રી માટે કંઇ નવું ન હતું. છતાં આજે મગભાત શીરો બનાવ્યાં.

સર્વેશ્વરી ભોજન બનાવતાં હતાં પૂ. શ્રી પોતાનું ધોતીયું ધોઇને નીચે લાવ્યા, કહે : ''બહાર સૂર્યનારાયણ નીકળ્યા છે. એટલે ધોતીયું ધોઇ નાંખ્યું. જરા બારણું ખોલીને તે દોરી ઉપર સુકવી દઇએ તો ભોજન લઇએ ત્યાં સુધીમાં સુકાઇ જાય.'' સર્વેશ્વરીએ બારણું ખોલી પૂ. શ્રીનાં બે કપડા સુકવી દીધાં.

પૂ. શ્રીએ થોડા આંટા માર્યા. વળી રસોડામાં આવીને કહેવા લાગ્યા, ''બાબુભાઇએ અમદાવાદમાં માંદગી સમયે અદ્‌ભુત સેવા કરી. એવી સેવા કોઇ ના કરી શકે. હા, મોરબીવાળા કરી શકે. જુઓને, ભોજાણી ને કલોલા જાણે નર ને નારાયણની જોડ. પ્રવચન, ઉતારો, ભોજનની બધી જ સગવડ એકલે હાથે શિક્ષકની નોકરી છતાં કેટલા પ્રેમભાવથી કરે.''

''વડોદરા, જીતુભાઇ પાછા એવી સેવા કરી શકે, જુઓને પાલનપુરવાળા વિજયભાઇની કેવી સેવા? કપાતે પગારે સેવા કરવા રહ્યા. આબુ, અંબાજી રહ્યા. સુખડી મગજ વિ. કેટલા પ્રેમથી બનાવીને લાવતા. એકથી એક ચઢે એવા સેવાભાવીઓ છે અહીં—

પૂ.શ્રીએ આજે સૌનું સુખદ સ્મરણ કર્યું. કદાચ નૂતનવર્ષે ઉપરના સૌ ભાઇઓએ પૂ. શ્રીનું અંતરતમમાંથી સ્મરણ કર્યું હોય.

આજે ભોજનમાં શ્રી સુરેશભાઇ યજમાન પણ બેઠા છે. અડધી રજા લીધી છે. ભોજનબાદ શહેરમાં કામ માટે જવાનું બને છે.

કેનેડાની બસ કેવી હોય, ગાડી કેવી હોય, તે બતાવવા આજે સુરેશભાઇ સર્વેશ્વરી સાથે ફીચના બસ સ્ટેન્ડ પર ગાડી પાર્ક કરી બસમાં બેઠા.



આઠ નવ સ્ટેન્ડ સુધી બસ ચાલી અને ભુગર્ભ રેલ્વે જેને અહીં સબ—વે કહે છે, ત્યાંના સ્ટેશને આવીને ઉભી રહી

બસમાં ડ્રાઇવરની સીટ પાસે જ અંદર પ્રવેશવાનો દરવાજો હોય છે, તે બસ ઉભી રહે ત્યારે જ ખુલે. અંદર લાઇનમાં શાંતિથી જવાનું હોય છે, ધક્કા નહીં. ૧૦—૧૦ મિનિટે બસ મળે, બસમાં મુસાફરો ઉભા ઉભા પણ જતા હતા. ડ્રાઇવરની સીટ પાસે ટીકીટનું મશીન હોય એમાં પૈસા અથવા ટી. ટી. સી. (નામની નંબરવાળી જાડી ટિકિટ) નાંખો એટલે ટ્રાન્સફર (બસની ટિકિટ) નીકળે એક જ વાર ઘરેથી નીકળ્યા પછી કોઇપણ દિશામાં જ્યાં ટી. ટી. સી. જતી હોય ત્યાં સુધી ૬૦ સેન્ટમાં જઇ શકાય. ૧ સ્ટેન્ડ હોય કે ૫ સ્ટેન્ડ દૂર જવું હોય પણ ૬૦ સેન્ટ જ ભાડું.

જ્યાં પણ ઉતરવું હોય ત્યાં મુસાફર બસની મધ્યમાં દરવાજો હોય ત્યાં બેલ હોય તે વગાડે ને પગથિયા પાસે ઉભો રહે, જેથી બસ સ્ટેન્ડ આવતાં જ દરવાજો આપમેળે ખુલી જાય ને ફરી બધ પણ થઇ જાય. જો પાછળના મુસાફરે પણ ઉતરવું હોય તો પગથિયાના અમુક ભાગ ઉપર પગ હોવો જોઇએ નહીં તો દરવાજો બંધ થઇ જાય. બસમાં હીટર હોય છે. બસમાં સીટ સારી હોય છે. બસની ગતિ ધીમી હોય છે. સામાન્યરીતે મુસાફરો શાંતિથી બેઠા હોય છે, વાતો કે ગીત કે અવાજ નહીં. વળી બસમાં ચાલુ મુસાફરીમાં કોઇ તોફાન કરે તો ચાલુ બસે ડ્રાઇવર બસમાંથી ફોન કરી દે, જેથી બીજા જ બસસ્ટેન્ડ પર પોલીસ હાજર થઇ જાય ને દરવાજા બંધ જ થઇ જાય, જેથી કોઇ મુસાફર ઉતરી જ ન શકે. કાયદો ને વ્યવસ્થા ઘણી સારી ગણાય.

બસની મુસાફરી કરીને સબ વેના સ્ટેશન ઉપર આખી બસ આવી ગઇ. બસની એજ ટિકિટ. રેલ્વેમાં પણ ચાલી શકે, જેથી અમારે ટિકિટ લેવાની ન રહી. નીચે ભોંયરા જેવા પ્લેટફોર્મ ઉપર જવાનું બન્યું, જ્યાં બસ વિના જે ચાલીને સબ વેમાં બેસવા આવ્યા તેમને ટિકિટ લેવાની હોય તે સૌ હારબંધ ઉભા હતા. એમાં પણ ત્રણ રીતે ટિકિટ લઇ શકાય.

(૧) છૂટા પૈસા આપીને (૨) ટી. ટી. સી. આપીને (૩) ટોકન (પતરાનો નાનકડો સિક્કો) જે ખરીદવાનો હોય છે તે મશીનમાં નાંખો એટલે તેના વજનથી મશીનમાંથી ટિકિટ નીકળે.

પ્લેટફોર્મ પર આવીને ઉભાં. બબ્બે મિનિટે ગાડીઓ મળે. સવારે ૫ થી ૧–૩૦ સુધી તે દોડે છે. ગાડી આવી. બારણાંઓ આપોઆપ ઉઘડી ગયાં. જગ્યા મળી ગઇ. સીટ પાસે હીટર હોય છે. ઉનાળામાં એરકન્ડીસન ગાડી થઇ જાય છે. દરવાજા આપોઆપ અમુક સેકન્ડ પછી બંધ થઇ ગયા. ગાડીમાં સફેદરંગની પટ્ટીઉપર લખ્યું હતું કે તાત્કાલિક જરૂર જેવી કે ફાયર, પોલીસ માટે પટ્ટી દબાવવી.

અહીં પણ તોફાની તત્ત્વો હોય છે. જાહેર ચારિત્ર્યનું આરોગ્ય રાત્રે સારુ નથી હોતું. તો તે વખતે પોલીસને બોલાવવા તે પટ્ટી દબાવતાં અમુક નંબરના ડબ્બા પર જરૂર છે એમ પોલીસને ખબર પડી જાય. પરિણામે ત્રણ જ મિનિટમાં પોલીસ ત્યાં ડબ્બા પાસે હાજર થઇ જાય.

અહીં વ્યવસ્થા ઘણી સારી હતી. ત્રણ ત્રણ મિનિટે એક એક સ્ટેશન આવતું હતું. ૧૨–૧૩ સ્ટેશનો ઝડપથી પસાર થઇ ગયાં. પછી ડડાસ નામનું સ્ટેશન આવ્યું ત્યાં ઉતરવાનું બન્યું.



ત્યાં સ્ટેશન ઉપરથી જ ઇટન નામનો ખૂબજ પ્રખ્યાત સ્ટોર (મોટી બે માઇલની દુકાન)માં જઇ શકાય જેથી ત્યાં ગયાં. એમાં થીયેટરથી માંડીને વિવિધ માલોની દુકાનો હતી. જરૂરી વસ્તુઓ ખરીદી લીધી. ગુંદર, શાહીનો ખડીયો, પેન વગેરે ખરીદીને ત્યાંથી બહાર નીકળી ડાઉનટાઉન નામનો ટોરન્ટોનો મુખ્ય ને જૂનો વિસ્તાર છે, ત્યાં મોટરમાં બેસીને આવી ગયાં. અહીં ભારતીય ભાઇઓની દુકાનો છે, જેવી ઇન્ડીયા બજાર, સોનાલી સાડી સેન્ટર વગેરે નામો વાંચવા મળ્યાં. ભારતીય મીઠાઇ ને ફરસાણની દુકાનો પણ જોવા મળી. ફરીને પાંચ વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. (ક્રમશઃ)

**ધીમે ધીમે કરવા યોગ્ય બાબતો**

(૧) વિદ્યાભ્યાસ. (૨) ધન પ્રાપ્તિ. (૩) પર્વત ઉપર ચઢવું. (૪) કાર્ય સિદ્ધિ. (૫) ધર્મ સંપાદન.

**અધ્યાત્મ રજત જયંતિ વર્ષના અભિનંદન**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

પૂ. માની લીલા ઝલક

# પૂ. માની ઉદારતા ને સમદૃષ્ટિ

**નારાયણ હ. જાની**

અંબાજી તા. ૨૫–૨–૦૪ સ્થળ : પૂ. માનો આવાસ, સ્વર્ગારોહણ, સમય રાતના ૮–૧૫.

પૂ. મા પોતાના આવાસમાં હીંચકા પર વિરાજેલ છે. આજે પૂ. માને નીચે ઉતરવાનું થયું નથી. બપોરનો કાર્યક્રમ સવારે ૧૧–૦૦ની બેઠકનો પણ ઉપર જ થયો. એટલે પૂ. મા નીચે પધારતાં ને સ્વર્ગારોહણના યોગતીર્થમાં જે ૫–૬ કારીગરો કામ કરતા–તેઓને પૂ. માનું દર્શન સહજ રીતે થઇ જતું. પરંતુ આજે પૂ. મા કોઇ કામ માટે પણ નીચે ઉતર્યાં જ નથી. તેથી આ કારીગરો પૂ.માના સહજ રીતે દર્શનથી વંચિત રહ્યા છે. તેઓમાંના બેત્રણ ભાઇઓ ઘણા મહિનાઓથી અહીં કામ કરે છે, એટલે તેઓના મનમાં પણ એક ભાવ રૂઢ થયો છે કે પૂ. માનું દર્શન તો દિવસમાં એકવાર કરી લેવું. કેટલા બધા સાધક ભાઇબહેનો દૂર–સુદૂરથી પૂ. માના દર્શને આવે છે, તો આપણે તો અહીં જ છીએ. તેથી પૂ. માનું દર્શન સહજ રીતે થતું રહે છે. તેથી મનનો એક લગાવ બની ગયો છે. પૂ. મા શું છે, તેઓની આધ્યાત્મિક ઉંચાઇ કેવી ને કેટલી છે, તેની કોઇ સમજ તેમને નથી. તેઓ એટલું જાણે છે કે પૂ. મા એક ધાર્મિક (આધ્યાત્મિક) વ્યક્તિ છે, અને ખૂબ પ્રેમાળ છે, તેમના પ્રેમાળપણાનો કદીક કદીક એમને સ્પર્શ મળતો રહ્યો છે.

ભાઇ હેમલ મહેતા આ બધા કારીગરોને પૂ. માના આવાસમાં લઇ આવે છે, કારણ કે પૂ. માના આવાસનાં દ્વાર ઉઘાડાં છે. બધા ભાઇઓ વતી હેમલ જ પૂ. માને કહે છે, "આજે આખા દિવસમાં એકવાર પણ આપ નીચે ઉતર્યાં નથી, તેથી આ બધા કારીગરો અત્યારે આપના દર્શને આવ્યા છે." પૂ. માને આ સીધા સાદા આજીવિકા રળતા કારીગરોનો ભાવ સ્પર્શી જાય છે.



સ્મિત સાથે પૂ. મા તેઓ સહુને આવકારે છે. તેઓમાંનો એક ભાઇ પૂ. માને હિન્દીમાં કહે છે, "માઇ, આજ તો સારા દિનમેં આપ દિખાઇ નહિ, ઇસ લિયે, હમે આપકા દર્શન પાને કે લિયે ઉપર આના પડા, તો ક્ષમા કરના."

તે ભાઇની આવી સીધી રજુઆત સાંભળી પૂ. મા હસી પડે છે. ત્યાં તો બધા જ ભાઇઓ વારાફરથી પૂ. માને પ્રણામ કરી એક બાજુ બેસે છે.

પૂ. મા પાસે આવે એટલે કોઇપણ કંઇ ને કંઇ પ્રસાદ લઇને જ જાય.

ત્યાં એક ભાઇ કહે છે, હે મા, અમને આવતા સંકોચ થતો હતો એટલા માટે કે કોઇના મનમાં એમ થાય કે અમે પ્રસાદ લેવા માટે આવ્યા છીએ. પરંતુ અમારે તો ફક્ત આપનાં દર્શન જ કરવાં હતાં. હવે તે થઇ ગયાં. એટલે આનંદ થયો.

પૂ. માના દર્શને આવેલ પ્રસાદ વિના થોડા જાય! પૂ. મા પ્રસાદમાં આપવા માટે હાથવગું શું છે, તે જુએ છે. નજીકમાં બે થેલીઓમાં ચોકલેટ છે, તો બીજું એક મીઠાઇનું બોક્સ છે. પૂ. મા બધું જ ઉપાડી તેઓને આપી દે છે. છતાં તેમને કંઇ સંતોષ થતો જણાતો નથી. એટલે ઊભાં થઇ પોતાના આવાસના અંદર ઓરડામાં જાય છે ને પૂ. મા ગરમ ધાબળા બહાર લઇ

આવી, આ દરેક કારીગરોને એક એક ધાબળો ને રૂા. ૧૦૦ આપે છે.

તેઓએ આવું તો કદી કલ્પ્યું જ નહિ હોય. સામાન્ય રીતે સંત કે ભગવાનના દર્શને ખાલી હાથે ના જવું જોઇએ એવી ધાર્મિક પ્રણાલિ છે. પરંતુ અહીં તો ઉલ્ટી પરંપરા જોઇ, આ કારીગરો આશ્ચર્યમાં પડી જાય છે. તેમને ઘડીભર થાય છે—આ શું લેવાય?

''પણ અહીં તો આપનાર પૂ. મા છે. ખૂબ પ્રેમપૂર્વક તે આપે છે. આશીર્વાદ સાથે આપે છે. તેથી લેવાય.'' એવું હેમલભાઇ તેમને સમજાવે છે.

પૂ. માને મન બધાં જ સરખાં. પછી ભલે તે વિદ્વાન હોય કે અભણ, અધિકારી હોય કે સામાન્ય મજૂર. બધાંની જ મા. એ કદી બાહ્ય કલેવર જોતી નથી. સહુમાં રહેલ આત્માને જ એ જુએ છે. એથી તો આવો વ્યવહાર કરી શકે છે. હે મા. તમારી સમદૃષ્ટિ અને ઉદારતાને કોણ પહોંચે? ●


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




**કર્પૂરવનમાં સ્નેહયજ્ઞના**

# ચોથા દિવસે જાણ્યું ને માણ્યું

ડો. બી. જે. જાગાણી

આગલા દિવસની માફક આજે તા. ૨૬–૧૨–૨૦૦૩ ની સવારે શ્રી વામનભાઇના ઘેર પ્રભાતફેરી માટે સૌ સાધકો એકત્ર થાય છે. એક કલાક અગાઉથી સૌ કતારમાં ઊભા રહેવા તૈયાર થાય છે. સમય તો સવારના ૬.૦૦ કલાકનો હોય છે પણ પોતાનો વારો વહેલો દર્શન માટે આવી જાય તે માટે ઉત્સાહ ઘણો છે. શ્રી વિનોદભાઇ પટેલ ને શ્રીમતી સરોજબેન તો શ્રી વામનભાઇના ઘરમાં સૌને કતારબંધ રાખવા સેવક બનીને માર્ગદર્શન ધરી રહ્યાં છે. શ્રીમતી ગંગાબહેન સૌને પ્રસાદ આપે છે. પ્રભાત વંદનાની પૂર્વે 'કર્પૂરવનનું' ગીત ગવાય છે. શંખનાદ થાય છે. ખૂબ લાંબી કતારમાં ચાલતાં ચાલતાં સૌ સાધકો ગુરુબાવની કરે છે. આખું વાતાવરણ ભક્તિમય બને છે. શિયાળાની ઠંડી પણ ખૂબ છે. પણ સૌના હૃદયમાં મા–પ્રભુની ભક્તિની ભારોભાર ઉષ્મા છે. એટલે બહારની ઠંડીની અસર મનપર થતી નથી. કર્પૂરવનમાં સૌ ભક્તિની ગંગાના દર્શન કરી શકે તે માટે પ્રતિક સમો બલૂન ચડાવવામાં આવે છે. આ વખતે આ બલૂન ઘણો ઊંચો ચડ્યો શ્રી પાર્થ, શ્રી પૂજા, શ્રી જગદીપભાઇ અને શ્રીમતી નયનાબેન પણ એ જોઇને ખૂબ હરખાતાં હતાં.

પ્રભાતની બેઠકમાં પૂ. માનું આગમન ૮.૦૦ કલાકે થાય છે. શ્રીમતી ભારતીબેન અને શ્રી રમેશભાઇ પૂ. માની આરતી

ઉતારે છે. વચ્ચે પૂ. મા છે. ચારેય બાજુ યજમાન પરિવારના સભ્યો છે. પાછા પગે ચાલીને આરતી ઉતારવાની કળા અગાઉથી હસ્તગત કરી હોય તેમ ખૂબ જ કૌશલ્યપૂર્ણ રીતે આરતી થાય છે. આ નયનરમ્ય દૃશ્ય સૌ આંખમાં ભરે છે ને વિડિયોવાળા ભાઇઓ તો જુદા જુદા ખૂણાઓથી આ દૃશ્યને કાયમ માટે કેસેટમાં સંઘરવા ભક્તિભાવપૂર્વક પ્રયાસ કરે છે. પૂ. મા સાથે સૌ ૮.૪૫ સુધી સમૂહમાં પ્રણામ કરે છે. આજે પ્રણામ વખતે ઘણી ભીડ હતી એટલે ચાલવાના રસ્તા પર કાર્પેટ પાથરી હતી ત્યાં પણ ઘણા સાધકો પ્રણામ કરવા લાગ્યા. કોઈ સંપ્રદાય, ધર્મ કે ભક્તિના સમૂહમિલનમાં આવી રીતે સમૂહમાં પ્રણામ થતા હોય તેવું આપણે સાંભળ્યું નથી. પ્રણામ પ્રભુને ખૂબ ગમે એટલે પૂ. માએ આ પ્રણામ ભક્તિની અનોખી રીત ભક્તોની રગેરગમાં અને અંતઃકરણમાં ખૂબ પ્રેમથી દાખલ કરી દીધી છે. પ્રભાતની બેઠક પૂર્ણ થાય છે. પૂ. મા પોતાના ઉતારા પર પધારે છે. સૌ સાધકો સવારનો નાસ્તો (ફળ—દૂધ) કરે છે.

૯.૧૫ કલાકે સવારની બેઠક શરૂ થાય છે. ભાવનગરથી યોગ અને આરોગ્ય પર પ્રવચન આપવા શ્રી યોગિતાબેન મહેતા અને કાયાવરોહણથી નિખિલદેવ આચાર્ય આવે છે. યોગિતાબેનના પ્રવચનમાંથી સૌને ઉપયોગી થાય તે માટે સાર અહીં મૂકીએ છીએ.

● યોગ એ શિસ્ત છે. ખોરાક, હવા અને હળવાશનો સમન્વય કરવાની કળા હસ્તગત કરવામાં યોગ મહત્ત્વનું યોગદાન આપે છે.

● આહાર સાત્ત્વિક લેવો જોઇએ. પેટ ૦l ભાગ ખાલી



રાખવું જોઇએ. રાજસિક અને તામસિક ખોરાક મનને અસ્વસ્થ બનાવે છે.

● બ્રેડ, પીજા અને બજારું ખોરાક ન ખાવો જોઇએ.

● પ્રાણાયામ કરીને શ્વાસપ્રશ્વાસ પર નિયંત્રણ કરવું જોઇએ. યોગ્ય પ્રાણાયામથી આરોગ્ય જળવાય છે.

● મનને સારો ખોરાક આપલા સારું વાંચન, શ્રવણ ને સારું દર્શન કરવું જોઇએ. ટી. વી.ની ગંદી સીરીયલ કે તેમાં રજૂ થતાં ગંદા કાર્યક્રમો ન જોવા જોઇએ.

● નિયમિત સત્સંગ કરવો જોઇએ. સારાં પુસ્તકો વાંચવા જોઇએ. આત્મદર્શી સંતોનો સમાગમ કરી મનને પવિત્ર કરવું.

● માનવશરીરને સ્વસ્થ રાખવા નિયમિત કસરત કરવી જોઇએ. માનવશરીર પવિત્ર દેવમંદિર છે.

● નિયમિત આસનો કરવાં જોઇએ.

● હકારાત્મક વિચારો રાખવા જોઇએ. હકારાત્મક વિચારોની મનપર શુભ અસર પડે છે એટલે મનનું આરોગ્ય સારું રહે છે.

● ખૂબ ચાવી ચાવીને ખાવું, ખૂબ ચોળી ચોળીને નહાવું જોઇએ. અઠવાડિયામાં એક વખત માલિશ કરવું જોઇએ ને દરરોજ ૧૦૦ ઊંડા શ્વાસ લેવા જોઇએ. 'ૐ'ને પ્રણવમંત્ર કહેવાય છે. 'ૐ'ના જપ કરવાથી રોગો દૂર થાય છે.

૧૦.૧૫ કલાકે કુ. રચના પટેલ અને કુ. નમ્રતા યોગાસનની આર્ટિસ્ટિક અને રીધમિક રીતોનું નિદર્શન કરે છે. આ બંને બહેનો આંતરરાષ્ટ્રીય કક્ષાનું બહુમાન મેળવીને યોગ નિદર્શનમાં પારંગત થઇ છે. શરીર જાણે કૂણા રબ્બર જેવું હોય તેમ જુદા જુદા જટિલ આસનો બતાવીને સૌને 'ઓહો'ના

ઉદ્‌ગારો કરતા કરી દે છે ને નાનાં નાનાં બાળકોને તેવાં આસનો કરવા પ્રેરણા પણ આપે છે. પૂ. મા ખૂબ પ્રસન્ન થાય છે. યોગનું નિદર્શન થતું હોય ત્યારે સૌ માત્ર જોઇને બેસી પણ રહે પણ સહભાગી થાય તે માટે પૂ. મા સ્લેટપર લખે છે **'બહેનોમાંથી કોઇને આસનો કરવાની ઇચ્છા છે ખરી? સ્થૂળ શરીરવાળા મંચપર આવીને જરાક તો પ્રયત્ન કરો. તો જ સમજાશે કે કેટલું અઘરું છે. આ રમત નથી. વર્ષોની તાલીમ પછી આ નિદર્શન શક્ય બને છે. બે ત્રણ આસનો બતાવો.'**

સ્થૂળ શરીરવાળી ૨૨ બહેનો પૂ. માની આજ્ઞાથી સ્ટેજ પર આવે છે. થોડાં આસનો કરે છે. સ્થૂળ શરીર છે પણ કેટલાંક આસનો થાય છે એટલે પૂ. મા પ્રસન્ન થાય છે. 'હવે પાતળી બહેનો આવો' એવું પૂ. મા કહે છે ત્યારે પાતળી બહેનો પણ મંચ પર આવે છે ને સાદાં યોગાસનો કરી બતાવે છે. એટલે પૂ. માને આનંદ થાય છે.

આસનોના નિદર્શન બાદ શ્રી નિખિલદેવ આચાર્ય યોગ અને આરોગ્ય પર પ્રવચન આપે છે. કુ. યોગિતાબેન જલનેતિ, ધોતિનું નિદર્શન કરે છે. નાકમાંથી પાણી બહાર કાઢવાની ક્રિયા, નાકમાંથી દોરી મોઢામાં કાઢવાની ક્રિયા અને હોજરીમાં લાંબુ પાતળું કપડું મોં વાટે દાખલ કરી હોજરીને સ્વચ્છ કરવાની ક્રિયા કરી બતાવે છે. શ્રી નિખિલદેવ આચાર્ય આ નિદર્શન દરમિયાન સમજ આપે છે ને આ ક્રિયાના ફાયદાઓ જણાવે છે. તેઓ નૌલિક્રિયાદ્વારા પેટના સ્નાયુઓને વલોણાની જેમ ઘૂમાવીને નિદર્શન કરે છે. યોગની આવી બધી ક્રિયાઓનું નિદર્શન જોઇને સૌને ખૂબ નવાઇ લાગતી હતી. આ વક્તાઓનો આભાર માની આ બેઠક અહીં પૂર્ણ થાય છે.



પૂ. મા ઠંડા પીણાઓ અંગે જણાવે છે કે 'ઠંડા પીણાનાં પોસ્ટરો કોણે કોણે વાંચ્યાં છે? પ્રયત્ન કરો તો આરોગ્ય તમારા હાથમાં રહેશે. અમે તો પોસ્ટરમાં પીરસીએ, મંચપર બતાવીએ, તમારે એનો અમલ કરવાનો છે. ઠંડા પીણામાં કેટકેટલા પૌષ્ટિક તત્ત્વો છે એ વાંચો તો મન સ્વીકારશે કે પીણાં પીવાં કેટલાં નુકસાનકારક છે. અમે તો તમારા કોક, પેપ્સી, વગેરે ચાખ્યા નથી. છતાં જીવીએ છીએ. રોજના ૨૬૧ પ્રણામ કરીને આરોગ્ય ટકાવીએ છીએ. યોગાસનો પણ કરીએ છીએ. સર્વાંગાસન, શીર્ષાસન કરીએ છીએ. આ જે આરોગ્ય તમને દેખાય છે તેની એક ભૂમિકા છે. તમે પણ તેમ કરવા માંડો. તમે પણ નિયમ લેવા માંડો. હવે તમારા ભોજનની વચ્ચે મા નથી આવતાં.' ભોજનનો સમય થઇ ગયો છે. બપોરના ૧૨.૦૦ વાગ્યા છે. પૂ. મા રમૂજ અને આનંદ સાથે આ બેઠક પૂર્ણ કરાવી ઉતારા પર પધારે છે. સાધકો ભોજનશાળામાં જાય છે.

બપોરની બેઠકનો પ્રારંભ ૩.૪૫ કલાકે થાય છે કે નીતિબેન ભટ્ટ સંનિધિપર્વ અંગે પ્રવચન કરે છે. સંકીર્તન સાથે પૂ. માનું આ બેઠકમાં સ્વાગત થાય છે. થોડા સમય પછી માણભટ્ટ તરીકે પ્રખ્યાત થયેલા શ્રી ધાર્મિકલાલ પંડ્યા પોતાના બે દીકરા (શ્રી મયંકભાઇ, શ્રી પ્રદ્યુમ્નભાઇ) સાથે પધારે છે. બધા ભક્તો પોતાના સ્થાનપર ઊભા થઇને સ્વાગત કરે છે જ્યારે શ્રી ધાર્મિકલાલ પંડ્યા સ્ટેજપર આવે છે ત્યારે પૂ. મા તેઓને પ્રણામ કરી નમ્રતાનું દર્શન કરાવે છે. પુષ્પગુચ્છથી પણ સ્વાગત થાય છે.

સંસ્કૃત શ્લોકોના ગાનથી પ્રવચન શરૂ થાય છે.

'પરમ પૂજ્ય સદ્‌ગુરુ યોગેશ્વરજી મહારાજનો જય.
પરમ પૂજ્ય શ્રી કરુણામયી મા સર્વેશ્વરીનો જય.'

એમ ભાવપૂર્વક બોલીને ધૂન બોલાવે છે. શરૂઆતમાં આભાર વ્યક્ત કરતાં કહે છે કે 'આજે ખૂબ આનંદનો દિવસ છે.' સદ્‌ભાગ્યનો દિવસ છે. ૧૯૮૨—૮૩ ના વર્ષમાં પરમ પૂજ્ય યોગેશ્વરજીનાં દર્શન થયાં હતાં. છેલ્લા એક વર્ષથી ઉંમરને કારણે બહાર જતો નથી. શ્રી વિજયસિંહ રાણાનો સંપર્ક થયો ને મારું એ સદ્‌ભાગ્ય ખૂલ્યું કે મારા સુપુત્રો સાથે અહીં ઉપસ્થિત રહેવાની તક પ્રાપ્ત થઈ. સંતો પરમ કલ્યાણકારી હોય છે. શ્રી વામનભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને આખ્યાન શરૂ કરીએ. બે—અઢી કલાક બોલવાનું છે. સારું બોલાશે તે પૂ. માની પ્રેરણાથી બોલાશે. ક્યાંય ખોટું બોલાય તો તે મારું હશે તેમ માની ક્ષમા કરવા વિનંતી છે.

કુંવરબાઈના મામેરાના આખ્યાનની રજૂઆત વખતે સાર-રૂપ રત્નકણિકાઓ આ મુજબ પીરસાયેલી.

● શાસ્ત્રમાં એક જ ચેતવણી છે. મનુષ્યદેહ મોંઘો છે. તે જાળવજો. કબીર મહારાજ શરીરરૂપી ચાદરને સ્વચ્છ રાખવાનું કહે છે.

● ભગવાનની પ્રાપ્તિ ગુરુકૃપા વગર થતી નથી. ગુરુકૃપા વગર જ્ઞાન મળતું નથી. શાસ્ત્રમાં સદ્‌ગુરુની કૃપા ને જ્ઞાનને મોટાં ગણ્યાં છે.

● બોલો તો પ્રભુ માટે બોલો, ગાઓ તો ભગવાનનાં કીર્તન ગાઓ. બોલો તો તોળી તોળીને બોલો. મીરાંબાઈ કહે છે કે 'બોલમા બોલમા બોલમા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલમા.'

● પરમ પૂજ્ય માની સંનિધિમાં બેઠા છીએ તો સંકોચ રાખ્યા વગર સંકીર્તન કરીશું.

● ભગવાનના નામ બોલવાથી વાણી શુદ્ધ થાય છે ને



પવિત્ર થાય છે.

● ધ્રુવજી બોલ્યા કે પ્રભુ મને કશું આવડતું નથી. તમે બોલાવશો તે બોલીશ. નરસિંહ મહેતા મૂંગા હતા ઋષિએ બોલાવ્યા એટલે બાર વર્ષે 'રાધે—કૃષ્ણ' બોલ્યા.

● આ જગતમાં સાચી મસ્તી પ્રભુની ભક્તિમાં છે, પ્રભુના ભજનમાં છે.

'કુંવરબાઈનું મામેરું' આખ્યાન ખૂબ જ રોચક ને ભક્તિપૂર્વક રજૂ કરીને શ્રી ધાર્મિકલાલ પંડ્યાએ તથા તેમના બે પુત્રોએ સૌને અઢી કલાકસુધી ભક્તિરસમાં તરબોળ કરી દીધા. સંકીર્તન સાથે ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ, સંતોના ચરિત્રો ને ભજનો રજૂ થતાં જોઈને કોઈને પણ થાય કે આ ઉંમરે પ્રભુ એમની વાણીદ્વારા કેવી લીલાઓ કરાવે છે. મોટી ઉંમરે પણ સ્મૃતિ કેટલી સારી. સઘળુંય કંઠસ્થ. માણપર આંગળીઓ દ્વારા ઉત્પન્ન થતો મધુર ધ્વનિ પણ મનને શાંત કરી દે તેવો. પૂ. મા આ બધું જોઈને, સાંભળીને ખૂબ પ્રસન્ન થતાં હતાં, પૂ. મા સ્લેટપર લખે છે કે 'આપની વ્યારાની કથામાં અમારા પિતાજી પણ શ્રોતા હતા અને સાથે આ સંનિધિપર્વના યજમાન શ્રી જગદીપભાઈ, શ્રી સંજયભાઈ પણ હતા. ફરી એ તંતુ જોડાયો. આપના એ પરિશ્રમને સૌ શ્રોતાઓના વંદન.'

શ્રી જગદીપભાઈ શ્રી ધાર્મિકલાલ પંડ્યાનું તથા તેમના પુત્રોનું શાલ ઓઢાડીને સન્માને છે. પૂ. માની ઉદારવૃત્તિથી ભેટ અપાય છે. શ્રીમતી નયનાબેન શ્રીમતી મંજુલાબેન પંડ્યાને પણ સન્માને છે ને ભેટ ધરે છે. શ્રી વિજયસિંહ રાણા આભાર વ્યક્ત કરે છે. 'આનંદ, આનંદથી ગોકુળીયું ગામ ધન્ય થયું' એમ પૂ. મા સ્લેટપર લખી આભાર વ્યક્ત કરે છે. પૂ. મા

ઊભાં થઈને વિદાય આપે છે. કુ. યોગિતા મહેતા, કુ. રચના, કુ. નમ્રતાને પણ પૂ. મા કિટ આપે છે ને સારી એવી ભેટ આપીને યોગકૌશલ્યની કદર કરે છે. સાથે આવેલા શ્રીનિખિલ-દેવ આચાર્યને પણ સંનિધિપર્વની કિટ આપે છે. કુ. યોગિતાએ તો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે 'આટલો પ્રેમ, આટલું સન્માન, આટલી કદર અને પ્રેરણા ક્યાંય મળ્યાં નથી.' સૌ પ્રેમપૂર્વક વિદાય લે છે.

દરેક ભક્તની એક ઇચ્છા એવી હોય છે કે પૂ. મા વ્યક્તિ-ગત રીતે દર્શન દે ને મળે. પૂ. મા આ અંગે લખે છે કે 'માને વ્યક્તિગત મળવાનો સમય મળતો નથી, માટે મા ક્ષમા માગે છે. ઉતારે સતત કામ રહે છે. તમે નહીં માનો ગઇકાલે અમે ફળ દૂધ લેવાનાં હતાં. સવારે સમય ના મળ્યો. છેક બપોરે ૩-૩૦ કલાકે પાણી લેવાનો સમય મળ્યો.' પૂ. માની કેટલી ઉચ્ચ અવસ્થા છે! ભક્તોના પ્રેમ માટે પૂ. મા બધું જ છોડી દે છે. બધાંને વ્યક્તિગત રીતે નથી મળી શકતાં તેની ક્ષમા માગીને ભક્તોને નમ્રતાની ઊંચાઈપર ચડવા નીસરણી પણ દર્શાવી દે છે. શરીરધારી છતાં વિદેહી, માનવશરીર ધારણ કરેલું છે છતાં પણ અલૌકિક લીલાઓનાં સહજ દર્શન અને ખુલ્લું જીવન. પ્રણામ પણ જાહેરમાં કરવાના ને કોઇના સદ્‌ગુણની પ્રશસ્તિ પણ જાહેરમાં મંચપર કરે. પોતાના જીવનદ્વારા જ સદ્‌ગુણોની સુવાસ ફેલાવીને સૌને સુગંધિત કરનારી આ મહાન વિભૂતિના ચરણોમાં સૌ કોઇ નમી પડે છે.

સૌ સાંજનું ભોજન લેવા ભોજનશાળામાં જાય છે. પૂ. મા પોતાના ઉતારાપર પધારે છે.

રાત્રિની બેઠક ૮.૩૦ કલાકે શરૂ થાય છે. પૂ. મા ૮.૩૫



કલાકે પધારે છે. કલાશ્રી સંસ્થાની ૧૮ બહેનો ડિમ્પલ ડેપ્યૂટિના માર્ગદર્શન હેઠળ ભરતનાટ્યમ્ ને રાષ્ટ્રીય ચેતના જગાડનારાં નૃત્યો રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરે છે.

સૌ પ્રથમ શ્રી ગણેશ વંદના થાય છે. ત્યારબાદ વંદેમાત-રમ્, સારે જહાંસે અચ્છા, કસુંબલ, મા તુજે સલામ, હિન્દ દેશકા પ્યારા ઝંડા, પૂરબ—પશ્ચિમ, માતા—પિતા ગુરુને વંદન, દેખ તેરે સંસારકી હાલત, મંગલમ્, આરતી વગેરે કૃતિઓ એક કલાક સુધી રજૂ થાય છે. એક પછી એક કૃતિ રજૂ થતી જાય છે, સૌ રાષ્ટ્રભક્તિ અને સંતભક્તિમાં ગરકાવ થતાં જાય છે. આ કૃતિઓ રજૂ થઇ ત્યારે વચ્ચે વચ્ચે પૂ. મા ખડખડાટ મુક્ત હાસ્ય કરીને, તાલીઓ પાડીને પ્રેરણા આપતાં હતાં. ફોટો-ગ્રાફરો પૂ. માની આ વિવિધ મુખમુદ્રાઓને કાયમી કંડારવા માટે મશગુલ હતા.

આ બહેનોને આશીર્વાદ આપવા પૂ. મા સ્લેટ પર લખે છે કે 'દેશભક્તિનું એક મોટું વાવાઝોડું જાણે કર્પૂરવનમાં ઉતરી પડ્યું. અમને ગૌરવ છે કે અમારા પિતા સાચા રાષ્ટ્રપ્રેમી હતા. જાણે એમને આ અંજલિ અપાઈ. નાનકડા બાલ કલાકારો જાણે આખા ભારતને એકતાનો સંદેશ આપવા માટે જ પ્રગટ્યા હોય એવું લાગે છે. કવિઓ, નેતાઓ, સંતો જે ન કરી શકે તે આ બાળકલાકારો કરી શકે. ખૂબ ખૂબ ધન્યવાદ'

'અમારાં સ્વર્ગારોહણમાં ૧૫ મી ઓગષ્ટે પધારો, અમારા પૂજ્ય ગુરુદેવનો તે પ્રાકટ્યદિન છે. ડિમ્પલબેન કલાગુરુ તરીકે કેટકેટલી વિશેષતા લઇને આવ્યાં છે. ફરી ધન્યવાદ. હે ડિમ્પલ-બેન! અમે તમારાં ડેપ્યૂટિ સદનમાં દરરોજ આવતાં. તમારા બંને કાકાઓ પૈકી પ્રદીપભાઇ અમારી મૌન સાધનામાં રસ

લેતા. અરે, એમણે અમારું નામ હરિઃૐ રાખેલું. એ પરિવાર-નું આ નાનકડું ફૂલ આવડા મોટા શિખરે આગેકૂચ કરી રહ્યું છે એ જોઈને સૌને આનંદ થાય છે. પર્વને અનુરૂપ અને વતનનો પ્રેમ ઝંકૃત કરવા તમારો પ્રયત્ન ખરેખર પ્રશંસનીય છે. માના' આશીર્વાદની વર્ષાથી કલાશ્રીની બહેનો, ડિમ્પલબેન વગેરે ધન્ય થયાં. પૂ. માએ સૌને સારી રીતે ભેટ આપીને ધન્ય કર્યાં.

રાત્રે ૧૦.૩૦ કલાકે વિદેશથી આવેલા સાધકોએ પૂ. માના જીવનપર પ્રકાશ પાડનારાં ત્રણ નાટકો રજૂ કર્યાં. શ્રી સુરેશ-ભાઈ, શ્રી ગીતાબેન, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી બીનાબેન, શ્રી કીર્તિબેન, શ્રી લતાબેન, શ્રી કિશોરભાઈ, શ્રી તેજલબેન, શ્રી નિશાબેન વગેરેએ ખૂબ સુંદર રીતે અભિનય કર્યો. પૂ. મા ખૂબ પ્રસન્ન થયાં. પૂ. મા સ્લેટપર લખે છે કે 'મા વિદેશમાં જઈને કરે છે શું? આ બાળકોના એક એક અંગમાં ભારતીય સંસ્કૃતિ ધબકી રહી છે.' રાત્રે કાર્યક્રમ પૂર્ણ થાય છે. 'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે...' સમૂહમાં ગવાય છે. મંત્રગાન કરી સૌ પોતાના ઉતારે સૂંઠની ગોળીનો પ્રસાદ લઈને વિરામ કરવા જાય છે. પૂ. મા પણ પોતાનાં ઉતારે પધારે છે.



# પૂ. માનું આગમન-જાણે વસંતનાં વધામણાં

સુરેશભાઈ શાહ, ટોરોન્ટો, કેનેડા.

વસંતઋતુને ઋતુઓની મહારાણી કહેવામાં આવે છે. પશ્ચિમના દેશોમાં હાડ ઠારતી ઠંડી અને હિમવર્ષા પછી આવતી વસંતઋતુની સૌ કાગડોળે રાહ જુએ છે. વસંતઋતુ શુષ્ક થયેલાં વૃક્ષો, વનરાજી અને કરમાએલી લત્તાઓને નવપલ્લવિત કરે છે, સુશોભન બક્ષે છે અને શુષ્ક બનેલા જીવનમાં નવજીવન પ્રદાન કરે છે. આ એક કુદરતી પ્રક્રિયા છે, જે માણસના તન અને મનપર ભારે અસર કરે છે.

૨૪ મી માર્ચ ૨૦૦૪ ના શુભ દિવસે પૂ. શ્રી શ્રી મા ભારતથી વિદેશની ધરતી ઉપર (અમેરિકામાં, નોર્થબરગન શહેરમાં શ્રી વિનોદભાઈ પટેલને નિવાસસ્થાને) પદાચરણ કરે છે. વસંતઋતુના બીજા દિવસે જ પૂ. મા—એક વિશિષ્ટ કોટિના સંત પધારે છે, ત્યારે કરમાએલા, મૂંઝાએલા, વિદેશમાં પૂ. માના દર્શનને ઝંખતા અનેક શ્રદ્ધાળુ ભક્તોના હૈયામાં હેતની સરવાણી ફૂટી નીકળે છે. સૌના હૈયાં આનંદ, ઉત્સાહ અને ઉમંગથી નાચી ઊઠે છે. વસંત પણ જાણે સંતના દર્શનથી હરખાઈ ઊઠે છે અને વર્ષાથી વધાવે છે. પૂ. માનું વિદેશની ધરતીપર એક વર્ષ પછી પુનરાગમન—આવી જ વસંતનું આગમન ભક્તો માટે બની રહે છે.

પૂ. શ્રી માના આગમનના સમાચાર પુષ્પની પરાગની જેમ બધે પ્રસરે છે અને સૌના હૈયામાં દર્શનની, સાન્નિધ્યની લાગણી ઉદ્ભવે છે. ભારતથી અમેરિકાના લગભગ ૨૦ કલાકના

પ્રવાસનો થાક પણ પૂ. મા વિસરી જાય છે અને ભક્તો સાથે મર્યાદિત સમયના ગાળામાં પણ ટેલિફોન આવે તો ખબરઅંતર પૂછે છે. ભક્તો સાથે વાત થાય ત્યારે પૂ. શ્રી માના હેતુ વિનાના હેતનો અનુભવ સૌને થાય છે. પૂ. માના મુક્તહાસ્ય સાથે એ જ કરુણા, મૃદુતા, પ્રેમ અને માતૃત્વનો સૌને અનુભવ થાય છે. હિમાલય હોય કે હોલીવૂડ હોય, પૂ. શ્રીની જેમ પૂ. માના નિયમો નિત્યક્રમ એકસરખો ચાલુ રહે છે.

ટોરોન્ટો, કેનેડાથી લગભગ વન–વે ૮૦૦ કિ. મી.ની મોટરમાર્ગે મુસાફરી કરી પૂ. માની આજ્ઞા મેળવી તા. ૯, ૧૦ અને ૧૧ એપ્રિલ–૦૪ પૂ. માના દર્શનનો લાભ મળે છે. લગભગ દસ કલાકના પ્રવાસમાં સહયાત્રીઓ સાથે પૂ. શ્રી મા–પ્રભુની બાવની, ધૂન અને પૂ. શ્રીના ૧૯૭૮ અને ૧૯૮૧ ના વર્ષના ટોરોન્ટોનાં સંસ્મરણો વાગોળતા શુક્રવારે તા. ૯–૦૪–૦૪ ના રોજ બપોરે ૪–૦૦ વાગે. પૂ. શ્રી માનાં દર્શન થાય છે. વિદેશના ભક્તો વચ્ચે પૂ. શ્રી મા, શ્રી વિનોદભાઇના નિવાસસ્થાનના ત્રીજા માળે, હીંચકાપર વિરાજમાન છે. એ જ કરુણામૂર્તિ, મુખમંડળ ઉપર એવું જ પ્રેમાળ સ્મિત, નેત્રકમળ-માં અનુપમ ઔદાર્ય, પૂ. માના દર્શનથી મનને શાંતિ, આનંદ અને સંતોષ થાય છે. દરરોજ બપોરે ૨ થી ૫ કથામૃતનું વાંચન થાય છે. સંજયભાઇ વાંચન કરે છે અને પૂ. મા ખૂબ જ એકા-ગ્રતાથી સાંભળે છે, વાક્યરચના અને પ્રસંગોને વફાદાર રહેતાં પૂ. શ્રી મા, અતિશય કાળજી અને ચીવટથી ત્રૂટિઓને સુધારે છે.

પૂ. શ્રી માની આ દૈનિક નોંધ–કથામૃત–એટલે,

- પૂ. શ્રીની દૈનિક જીવનચર્યાનો શાબ્દિક સચિત્ર અહેવાલ.
- પૂ. શ્રીનાં પ્રવચનો અને ભક્તો સાથે થયેલ પ્રશ્નોત્તરી-ની સમીક્ષા.



- પૂ. શ્રીની ખાસિયતો, રહેણીકરણી અને દૈનિકજીવનનો ઉલ્લેખ.
- પૂ. શ્રીના પૂ. શ્રી મા સાથેના દિવસોનું દર્પણ.
- પૂ. શ્રી માની નોંધ લખવાની આગવી અને વિશિષ્ટ રીતનું દર્શન.
- પૂ. શ્રી માની ચોકસાઇ, તારીખ, સ્થળ, દિવસ, તિથિ અને સમયનું આબેહૂબ પ્રસંગો અને જે તે સ્થાપના જોવાલાયક સ્થળોનું વર્ણન.
- પૂ. શ્રીના ચાર વર્ષના સહવાસનું સરવૈયું.
- પૂ. માની નોંધો–'કથામૃત'ના દેહે ના લખાઇ હોત તો આધ્યાત્મિક જગતને કેટલી મોટી ખોટ લાગત, તે તો કથામૃતના શ્રવણથી જ અનુભવી શકાય.

ટોરોન્ટો–કેનેડાથી દસ કલાકનો પ્રવાસ કરી આવેલા દર્શનાર્થીઓના લાભાર્થે પૂ. શ્રી મા સંજયભાઇને ભારતમાં યોજેલી (૨૦૦૪ ના વર્ષમાં) પદયાત્રા અને સાઇકલયાત્રા વિશે વાર્તાલાપ માટે કહે છે. જેથી ભક્તોને ૬–૧૫ વાગ્યા સુધી દર્શનનો લાભ મળે છે. પ્રણામ કરી, પૂ. માનો પ્રસાદ મેળવી સૌ છૂટા પડે છે.

શનિવાર તા. ૧૦–૦૪ ના રોજ નિર્ધારિત સમય બપોરે ૨ થી ૫ માં કથામૃતનું વાંચન થાય છે. આજે પણ હીંચકા ઉપર વિરાજમાન પૂ. શ્રી માનાં સૌને દર્શન થાય છે. મસૂરી, અમદા-વાદ, વડોદરા, ભાવનગરના સ્થળોમાં પૂ. શ્રીના વિચરણ તથા કાર્યક્રમોની વિગતો જાણવા મળે છે. પૂ. શ્રીનાં ઉદ્‌બોધનો પ્રેરક અને ગર્ભિત છે. પૂ. શ્રી માની સરળ, સુંદર શૈલીમાં આલેખાએલી વિગતો પ્રસંગોનું આબેહૂબ, જીવંત ચિત્ર સૌની

સમક્ષ રજૂ થાય છે. સમય કોઈની રાહ જોતો નથી. ઘડીયાળમાં પાંચ વાગી જાય છે. પૂ. મા લખીને જણાવે છે કે આજની ૩૩૩ માળામાંથી (જે પૂ. શ્રી મા દરરોજ કરે છે.) લગભગ ૨૫૦ માળા બાકી છે. અને આજદિન સુધીમાં વિદેશમાં આવ્યા ત્યારથી પાંચ લાખ જપ થઇ ગયા છે.

પૂ. શ્રી માને જપ, ઉપવાસો, સાધના કે વ્રતોની જરૂર નથી. સ્વયંસિદ્ધ છે છતાં જાણે કે સંસારી ભક્તોને પોતાના નિયમોથી જણાવે છે કે મનને પ્રભુમાં જોડેલું રાખવા આ બધું જરૂરી છે. પૂ. માને પ્રણામ કરી, પ્રસાદ મેળવી સૌ વિખરાય છે. આવતીકાલે રવિવારે તા. ૧૧–૦૪ ના રોજ સવારના પ્રસ્થાન કરવાનું હોવાથી પૂ. શ્રી માના દર્શનનો લાભ મળતો નથી.

રવિવારે રાત્રે નિવાસસ્થાને આવતાં પ્રવાસ દરમ્યાન પૂ. માની એ વાત્સલ્યમૂર્તિ વિસરાતી નથી. પૂ. શ્રી યુવાનો કે જેઓ ગુજરાતી સમજી શકતા નથી તેમને માટે અંગ્રેજીમાં પણ વક્તાઓને બોલવા જણાવે છે.

મનમાં એક જ પ્રાર્થના છે, પૂ. મા અમારી સાથે રહેજો, અમને દર્શન અને સાન્નિધ્યનો લાભ આપજો—અમ સૌ પર કૃપાદૃષ્ટિ રાખજો, પ્રેમભાવ રાખજો, અમને આપના પ્રેમને લાયક બનાવજો. હરિઃૐ

○



### પનામાની ધરતી ઉપર

# ત્રણ દિવસનો સત્સંગ શિબિર

શ્રી મયૂર પટેલ

ઘણા વરસોથી શ્રી વસંતભાઇ પનામા વસે છે. પૂ. શ્રીના દરેક મંગલ દિવસે પોતાને આંગણે સત્સંગીઓને આમંત્રણ આપી ઉત્સવ ઉજવે છે. શ્રી ગુલાબબેનનો સંપૂર્ણ સહયોગ એ ગૃહસ્થભક્તને મળતો રહ્યો છે. એટલે દર વરસે ૧૮ માર્ચના પર્વે પણ ત્રણ દિવસ એમને આંગણે જ સત્સંગનું વિશેષ આયોજન થતું રહે છે. એ સત્સંગની પરંપરા એકાદવાર શ્રી દેવીબેન, શ્રી શકુબેન, શ્રી દક્ષાબેન, શ્રી મંજુબેનને આંગણે પણ જળવાઇ.

આ વરસે ૧૮ માર્ચનું એ પર્વ શ્રી કાન્તાબેન પુરુષોત્તમ-ભાઇના આંગણે ઉજવાયું. ત્રણ દિવસનો કાર્યક્રમ હતો. ૬૫ ભક્તોએ ભાગ લીધો. બાળકો અને વિદ્યાર્થીઓ પણ એમાં હાજર રહ્યા, તે વિશેષતા હતી. ચિત્રે નામના વિસ્તારની બેનો-એ પણ ભાગ લીધો હતો.

## પ્રથમ દિવસ

### ૧૮–૩–૦૪ સવારે ૭–૩૦ થી સાંજે ૫–૦૦ સુધી

- પ્રાર્થના.
- ૧૬ પ્રણામ.
- મા–પ્રભુની આરતી.
- પ્રાર્થના.

- મા–પ્રભુની બાવની.
- વરદ હસ્તની પ્રાર્થના.
- ૧૦૮ પ્રણામ, પ્રભુ નામના.
- માની અમૃતવાણી ૧ કલાક.
- ૧૦૮ પ્રણામ માના નામના.
- ૧૬ પ્રણામ.
- મંત્રગાન.
- લીલામૃતનું પારાયણ.
- ભજનો (ત્રણ કલાક).
- આરતી.
- પ્રસાદ.

## બીજો દિવસ

**૧૯–૩–૦૪ સવારે ૭–૩૦ થી ૫–૦૦**

- ૧૬ પ્રણામ.
- મા–પ્રભુની આરતી.
- મંત્રગાન.
- ૨૧૬ પ્રણામ. પૂ. મા અને પ્રભુના મળીને.
- પૂ. માની અમૃતવાણી.
- મંત્રગાન.
- પૂ. મા–પ્રભુની બાવની.
- વિષ્ણુસહસ્રનામનો પાઠ.
- ૨ થી ૫ ભજનો.
- આરતી.
- પ્રસાદ.



## ત્રીજો દિવસ

**તા.૨૦–૩–૦૪**

- મંત્રગાન.

આરતી બાદ મંદિર સુધીની ત્રણ માઈલની પ્રભાતવંદના (પદયાત્રા કરીને) ૧,૫૬૫ ફૂટ ઊંચે મંદિર છે. ચઢીને મંત્ર-ગાન સાથે પ્રદક્ષિણા કરી.

- ૧ કલાક માની અમૃતવાણી.
- ભજનધૂન.
- બાળકોનો વાર્તાલાપ.
- આરતી.
- પ્રસાદ.

પરદેશમાં આ રીતે ત્રણ દિવસનો સમય કાઢવો અઘરો, છતાં ભાવને લીધે એમાં સહુ જોડાય. તેના પરિણામે તેઓ કંઈક અવશ્ય પામે. પૂ. મા–પ્રભુ સાથેનું સહુનું આ રીતનું જોડાણ–તેઓની રક્ષા ને સહાય અવશ્ય કરે.

# અધ્યાત્મની રજત જંયતિ પ્રસંગે સંદેશો

**જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી**

સંત પ્રેમી શ્રી ભોજાણીભાઇ અને મોરબી ધ્યાન કેન્દ્રના સંચાલક ભાઇબહેનો,

● 'અધ્યાત્મ'ની પચ્ચીસ વર્ષની અવિરત વહેતી જ્ઞાન-ગંગાને બિરદાવવાનો સમારંભ યોજવા માટે ખૂબ ખૂબ અભિનંદન.

● 'અધ્યાત્મ'ને પચ્ચીસ વર્ષ પૂરાં થઇ રહ્યાં છે એ આપણા સહુ માટે ખૂબ આનંદની વાત છે. પ્રભુનાં કામ પ્રભુ જ કરે તેનું ઉત્તમ ઉદાહરણ એ 'અધ્યાત્મ' છે. કેવું સરસ રીતે ચાલ્યું! કદી પણ એક પણ અંકનો વિક્ષેપ નહિ, સતત નિયમિત સતત જાગૃત અને સતત ઝંકૃત કરી અધ્યાત્મ યાત્રા સતત પ્રગતિશીલ બનાવવાનો અધ્યાત્મનો અવિરત પ્રયત્ન એ આપણાં મા–પ્રભુનું આપણને આગવું પ્રદાન છે. 'અધ્યાત્મ'એ આપણને સહુને જોડતી માળાનું સૂત્ર છે.

● 'અધ્યાત્મ'ને ભાગવતોપદેશક શ્રી શુકદેવજી સાથે સરખાવી શકાય. તે શરૂઆતથી જ પુષ્ટ. તેને શૈશવ અવસ્થા હતી જ નહીં. પહેલા અંકથી આજ સુધી એ જ ધીર ગંભીર છતાં રસાળ અને ઉદાત્ત પ્રવાહિતા તેનું આગવું લક્ષણ છે.

● 'અધ્યાત્મ'ને મા–પ્રભુએ પ્રેર્યું અને જીવાડ્યું છે. ભલભલાં મેગેઝિનોને લાગતા આર્થિક ગ્રહણને પૂ. માએ એક વાર પણ ઉતરવા નથી દીધું તે આપણા સહુ બાળકો પર પૂ. શ્રી માનો અનન્ય ઉપકાર છે.

● 'અધ્યાત્મ'ના તંત્રી તરીકે પૂ. કાકાનું (શ્રી નારાયણભાઇ જાનીનું) પણ અનન્ય યોગદાન છે તે સેવાને બીરદાવવા માટે



કોઇ શબ્દો નથી. શારીરિક, કૌટુંબિક, સામાજીક કોઇ પણ ઝંઝાવાતમાં પૂ. મા–પ્રભુના પ્રેરક બળથી તે તેની નિયમિતતા નિષ્ઠાપૂર્વક ટકાવી શક્યા છે. બીજી બાજુ 'અધ્યાત્મ' પણ તેમનું સતત ચાલકબળ રહ્યું છે. 'અધ્યાત્મ'એ તેમના જીવનને જીવંત ધબકાર આપ્યો છે. સુંદર વાંચન લેખન અને અન્યના જીવનમાં પ્રભુને પ્રગટાવવાની ભૂમિકાએ એમના જીવનને એક વિશિષ્ટ રંગ આપ્યો છે. પૂ. જીજી અને પરિવારજનોનો પણ તેમાં સહકાર રહ્યો છે.

● 'અધ્યાત્મ'ના સહાયક સભ્ય તરીકે આજે આ સુંદર પ્રસંગે અનુપસ્થિત રહેવા માટે ક્ષમા માગું છું.

● યોગેશ્વર કથામૃત, પ્રભુનાં મુખપૃષ્ઠ પરનાં પ્રેરક લખાણો સંતપુરુષોના વિચાર મૌકતિકો પૂ. કાકા, શ્રી કલ્યાણ, શ્રી જાગાણીભાઇ, શ્રી રાજુભાઇ જાની એવાં નામી અનામી અનેક લેખકોના લેખો બદલ પણ તેઓ સહુનો ખૂબ ખૂબ આભાર છે. પરમાર્થીની સ્તુતિઓ અનામી સાહેબ અને ધર્મેન્દ્ર માસ્તર સાહેબને તેમના પદ્ય રચનાઓ માટે શી રીતે ભૂલાય!

આ કાર્યક્રમ પૂ. મા–પ્રભુની કૃપાથી ખૂબ ખૂબ સફળ થાઓ એ જ તેને પ્રાર્થના. યોગેશ્વર પરિવારનાં અનુકરણીય પ્રવૃત્તિના શુભારંભ તરીકે મોરબી કેન્દ્ર હંમેશા આગળ રહ્યું છે. તેમાં શ્રી ભોજાણી સાહેબની આગવી દૃષ્ટિ અને નેતૃત્વ તેમને ખૂબ કામ લાગ્યું છે. તો ફરી ફરી મોરબી કેન્દ્રને આવું સુંદર કાર્ય કરવા માટે અભિનંદન.

શ્રી ઉપેન્દ્રભાઇને પણ અવિરત રીતે પોસ્ટેજની સેવા આપવા બદલ ધન્યવાદ. શ્રી જાગાણીભાઇ તો હવે કાકાના પૂરક બની ગયા છે. 'અધ્યાત્મ' વધુને વધુ ખૂબ ઊંચા શિખરો સર કરે અનેક જીવોનું કલ્યાણ કરે તે પ્રાર્થના સહ.

# ભારતમાં હોય તેવાં જ મા મેં જોયાં વિદેશમાં

અર્પિતા જોશી, અમેરિકા.

દેશ...દેશ એટલે કે જ્યાં માણસ જન્મે, જ્યાં તે ઉછરે ને આત્મિયતા અનુભવે! જ્યાં એનાં મૂળ હોય. પણ કોઈપણ માનવી માટે એનો દેશ, જન્મભૂમિ સાથે અવિભાજ્ય રીતે સંકળાયેલ હોય તે ઘર. ને ઘર એટલે ''મા''. માનો પ્રેમ, દુલાર. એક મા જ્યાં પણ હોય, ત્યાં પોતાના સંતાન માટે ઘર ઊભુ કરી દે છે. પછી ભલે એ ધકધકતા રણમાં હોય કે વરસતા વનમાં, તો પૂ. મા તો જગત જનની છે. પૂ. મા જ્યાં હોય ત્યાં જીવને પ્રેમ આપીને આત્મિયતાનો અનુભવ કરાવે! જીવને તેનો મૂળ દેશ યાદ કરાવે, જીવને તેના મૂળભૂત સ્વરૂપનો ખ્યાલ કરાવે.

પૂ. મા ભારતમાં હોય કે અમેરિકામાં, પૂ. મા તો પૂ. મા જ રહે છે. ''જેવો દેશ તેવો વેશ'' એ પૂ. માને લાગું ના પડે, કારણ પૂ. મા સમય, સ્થળ ને પરિસ્થિતિને આધીન નથી, પણ એ ત્રણેનાં આધાર છે અને એ ત્રણેથી પર છે.

પૂ. માની સરળતા, નિખાલસતા, સંયમ, સાધના અને અનુપમરૂપ જે ભારતમાં, તે જ અહીં. પૂ. માની પ્રેમભરી ટકોર તો સતત જીવની ઉન્નતિ માટે જ હોય છે, પણ માત્ર સ્થળ ને પ્રદેશ સાથે પૂ. માનાં બાળકોની વૃત્તિઓ, કુટેવો બદલાય છે. પૂ. માનો સંદેશ એ જ રહે, પણ એની ભાષા એનાં અહીંના બાળકોને સમજાય એવી થઇ જાય!

જો ભારતમાં કસર છે, અછત છે, તો ત્યાં પૂ. મા મુશળ-ધાર વરસે છે, ને વિદેશમાં જ્યાં અતિરેક છે ત્યાં પૂ. મા સંતોષ



ને દાનના મહિમાનો પ્રચાર અને પ્રસાર કરે છે. પણ એમાં કાંઇ ભેદ કે ફરક નથી, ફક્ત 'સમતા'નાં જ બે પાસાં છે.

પૂ. મા એ પ્રેમથી સીંચીને વિદેશમાં એક નાનો દેશ ઉભો કર્યો છે. જ્યાં ભારતની સંસ્કૃતિ ભારતની બહાર ટકાવી છે, ભારતમાતાથી વિખૂટા પડેલા બાળકોમાં સંસ્કારનું સિંચન ને પોષણ કર્યું છે.

પૂ. મા જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં સાથે-સાથે વૈકુંઠ લઇને વિચરે છે. પૂ. માનું ખડખડાટ હાસ્ય, અતિ આકર્ષક સ્મિત ને પૂ. માનો અવિરત વરસતો નિષ્કામ પ્રેમ...એ વૈકુંઠ ધામનો સાર છે.

પૂ. મા જીવનો વિકાસ, બાળકની ચિંતા ને વ્હાલ, દેશ કે પરદેશ, બધે જ સરખો જ કરે. પૂ. મા જેમણે સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે, એમને માનવ સર્જીત સરહદોનાં બંધન નથી સ્પર્શતા. એટલે જ પૂ. મા સરળતાથી બધે જ વિચરે છે, ભળી જાય છે, છતાં પોતાનું સ્વત્વ પૂરેપૂરુ જાળવી જાણે છે. પૂ. માની નિયમિતતા, સાધના, ઉપવાસ સર્વ કંઇ ભારતમાં કે પરદેશમાં બધે એક સરખાં અવિચળ અને અવિરત છે. પૂ. મા સતત એજ પ્રાર્થના કરે છે કે ''સૌનું મંગળ થાઓ'' તો એવું લાગે છે કે આ બ્રહ્માંડ રચયિતા બ્રહ્માંડ માટે બ્રહ્માંડમાં વિચરી પ્રાર્થના કરે છે.

જે સૂક્ષ્મસ્વરૂપે અણુએઅણુમાં રહેલાં છે, તેમને માટે સ્થૂળ સ્થળાંતર વળી શું? જે બાળકનો પોકાર સાંભળી તુરંત દોડી આવે તે માઇલો દૂર કેવી રીતે હોઇ શકે?

એવાં જ પૂ. મા મેં વિદેશમાં જોયાં, જે મેં ભારત દેશમાં જોયાં હતાં. જેમ સૂરજ, તારા અને ચંદ્ર તેમજ અગ્નિ, જળ,

વાયુ, આકાશ અને પૃથ્વી આ પંચતત્ત્વો તો આખી પૃથ્વી માટે એક સરખાં જ હોયને! તો એ પંચતત્ત્વોનાં ય સર્જક એવાં પૂ. મા બધે જ સરખાં એટલું જ નહીં, પરંતુ પૂ. પ્રભુએ કહ્યું છે તેમ "સુંદર, સત્ય, સનાતન, સર્વનું મંગલ, પવિત્ર ને અદ્ભુત જ હોયને!

અંતે પૂ. માને એ જ પ્રાર્થના કે અમારા સ્થળાંતર બાદ અમારી તો શક્તિ નથી કે તમારી પાસે આવી જઈએ, તો અમને પ્રેમ આપવા ને અમારી જીવનતૃષા છીપવવા તમે જ આવી જજો અમારીપાસે સ્થૂળ સ્વરૂપે; કારણ તમારું રક્ષા કવચ જે અમારે માથે અહર્નિશ છત્ર ધરે છે. જે નિહાળી શકવાની ક્ષમતા હજી અમારામાં નથી. એટલે જ મા તમારા સ્થૂલ દર્શનની અપેક્ષા અમને રહ્યાં કરે. હે મા, અમ જેવા જીવોને પવિત્ર અને ધન્ય કરવા આપ વિચરણ કરો છો એટલે તો આપનું આ દર્શન વિદેશની ધરતી પર હું પામી શકી. તેથી તો કહી શકું છું "ભારતમાં હોય તેવાં જ મા વિદેશની ધરતી પર પણ જોયાં."

○

## કોની ક્યારે સાચી પરીક્ષા થાય છે?

(૧) આપત્તિકાળમાં મિત્રની.
(૨) યુદ્ધમાં શૂરવીરની.
(૩) એકાંતમાં મનુષ્યની પવિત્રતાની.
(૪) ધનક્ષયમાં પત્નીના પ્રેમની.
(૫) પ્રેમી અતિથિની દુષ્કાળમાં સાચી પરીક્ષા થવા પામે છે.




**જય જય ગરવી ગુજરાત**
**૪૫ મો ગુજરાત સ્થાપના દિવસ**
**૫ કરોડ ગુજરાતીઓના સ્વભિમાન અને ગરિમાનો**
**ગુજરાત ગૌરવ દિવસ મહોત્સવ—૨૦૦૪**

**નર્મદ—નગરી સુરતમાં...**

**પાંચ કરોડ ગુજરાતીઓ ઋણી છે**
**ગુજરાતની અસ્મિતા અને સંસ્કારિતાના શાશ્વત જ્યોતિર્ધરોના...**

**સુશાસનના સંકલ્પ**

● વિકાસના દરેક ક્ષેત્રમાં જન—જનની ભાગીદારી
● પંચામૃત યોજના ● સુજલામ્ સુફલામ્ યોજના
● જ્યોતિગ્રામ યોજના ● પેટ્રોકેપિટલ ગુજરાત
● ઈ—ગવર્નન્સ ● કર્મયોગી પ્રશાસન

**પાંચ કરોડ ગુજરાતીઓને ગૌરવ છે આ અનોખી કાર્યસિદ્ધિઓનું...**

● સમગ્ર દેશમાં વિકાસ દર ૧૨ ટકા ● નદીઓના જોડાણનું સપનું પાર પાડવાનું ● ત્રણ વર્ષમાં ૫૧૦૦૦ ચેક ડેમ ●મબલખ ઉપજના મબલખ નાણાં મેળવીને કિસાનની સમૃદ્ધિ નિહાળવાનું ● વાઈબ્રન્ટ ગુજરાતના અભિયાનમાં એક જ દિવસમાં રૂા. ૬૬૦૦૦ કરોડના મુડી રોકાણ કરાર કરવાનું ● નર્મદા ડેમની ઊંચાય ૧૧૦ મીટર ઉપર લઈ જઈને પહેલીવાર પાણી અને વીજળીના ધોધ વહેતો થતો જોવાનું ● ગુજરાતના અર્થતંત્રની તાસીર ગેસ—તેલની સંપદા દ્વારા બદલવાનું.

# સાધનાનું રોજિંદા જીવનમાં સ્થાન

પૂ. યોગેશ્વરજી

લખવાની ક્રિયા સાવ સાધારણ ક્રિયા કહી શકાય. તેમાં પરિશ્રમ પણ ઘણો પડે છે. છતાં તેનો સંબંધ સાધના સાથે જોડી દેવાથી મને તેનો શ્રમ, થાક કે કંટાળો નથી લાગતો. હાથમાં કલમ ને કાગળ લઈને બેસું છું ત્યારે મારી આંખ આગળ હજારો માણસો આવે છે. તેમને મારા લખાણમાંથી પ્રેરણા અને પ્રકાશ મળે છે તે હું જાણું છું. તેનું સ્મરણ થતાં મારી અંદર ઉત્સાહ પ્રકટે છે, અને થાય છે કે લોકહિતના એક મહાન યજ્ઞમાં હું સામેલ થઈ રહ્યો છું, જે યજ્ઞની કિંમત મહારુદ્ર કે શતચંડી કરતાં જરા પણ ઓછી નથી. તેની સાથે હું પર-માત્માને પ્રાર્થના કરું છું કે તમે લખો : શક્તિ બધી તમારી જ છે, અને હું તો માત્ર વાહન છું. એટલે પરમાત્માની કૃપાથી કલમ ચાલવા માંડે છે. ભાવના એવી રીતે જીવનમાં જાદુ ભરે છે, અવનવો રસ રેડે છે, તેમ જ શક્તિસંચાર કરે છે. ઈશ્વર સાથેના અનુસંધાનમાં મદદ કરે છે. અને એને લીધે લેખનની નાનીસરખી ક્રિયા પરમાત્માના પરમસાગરમાં સમાઈ જનારી મહાન સાધનાસરિતા બને છે. બીજાને માટે આવું થાય છે કે નહિ તેની મને ખબર નથી, પંરતુ મારે માટે તો આવું હંમેશાં બને છે.

●

આ તો મેં માત્ર બેત્રણ ઉદાહરણ જ આપ્યાં છે, પરંતુ એનો આધાર લઈને તમે પણ જીવનને સાધનામય કરી શકો છો. ક્રિયા ગમે તેટલી નાની હોય પરંતુ ભાવના તેને મહાન



બનાવે છે. ભાવનાની જ કિંમત છે. એ ભાવનાની કળામાં કુશળ થઈ જાઓ તો સાધના તમારા જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ સાથે સંમિશ્રિત થઈ જશે ને તમને શાંતિ આપશે.

●

મળત્યાગ કરવાની ક્રિયા બહારથી જોતાં કેટલી બધી સાધા-રણ છે? પરંતુ ભાવનાનો સંપર્ક સાધીને તમે તેને અસાધારણ બનાવી શકો છો. મળત્યાગ કરતી વખતે તમે વિચાર કરી શકો છો કે શરીર કેટલું બધું ગંદું છે? ઉપરથી જોતાં તે સારું લાગે છે, બાકી આવી ગંદકી તો એની અંદર ક્ષણે ક્ષણે ઉત્પન્ન થયા જ કરે છે. એની અંદર જે પરમાત્માનો પરમ પ્રકાશ છે તેને લીધે જ એનું મહત્ત્વ છે, અસ્તિત્વ છે અને એની કિંમત છે. બાકી કોઈ એના તરફ દૃષ્ટિપાત પણ ન કરે. આવા શરીરમાં મમતા રાખવી અથવા આસક્તિ કરવી નકામી છે. એની સંભાળ રાખીને તથા એને સ્વસ્થ અને સુદૃઢ બનાવીને, એની મારફત બીજાને ઉપયોગી થવું તેમ જ પરમાત્માનો સાક્ષાત્કાર કરવો એ જ બરાબર છે. એ જ એનો સદ્ઉપયોગ છે. માટે એનો અંત આવી જાય તે પહેલાં તેને માટે પ્રયાસ કરવો જોઈએ. આવા મલિન, ક્ષણભંગુર અને રોગના ઘર જેવા શરીરમાં મોહિત થઈને, ભાન ભૂલીને, કુકર્મ ન કરવાં જોઈએ. એવી રીતે વિચાર કરો અને એ વિચાર પ્રમાણે વર્તો, તો મળત્યાગની સાધારણ ક્રિયા તમારે માટે સાધના બની જશે, અને મળત્યાગનું સ્થાન કે સંડાસ યુનિવર્સિટી થશે. તમારી આંખ જો ઉઘાડી હોય તો જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં, ડગલે ને પગલે તમારે માટે મહામૂલ્યવાન ને પ્રેરક પદાર્થપાઠ પડેલા છે. તમારે તેનો લાભ લેતાં શીખવાનું છે એટલું જ.

જીવનમાં જ્યાં છો ત્યાં રહીને, અને જે પ્રવૃત્તિ કરો છો તે

કરતાં રહીને તમે એવી રીતે આત્મવિકાસની સાધના કરી શકો છો. સાધના કાંઈ એકબે કલાકની ને ઘર કે વન પૂરતી મર્યાદિત નથી હોતી. તે તો સમસ્ત જીવનમાં ફરી વળે છે અને સમસ્ત જીવનનું અવિભાજ્ય અંગ બની જાય છે. તેને પરિણામે જીવનની પ્રત્યેક પળ પ્રગતિના પ્રતિધ્વનિરૂપ અથવા તો સંપૂર્ણતાના સોપાન સમી થઈ રહે છે. યાદ રાખો કે પ્રવૃત્તિ ખરાબ નથી; પરંતુ ભાવનારહિત થઈને આંધળી પ્રવૃત્તિ કરવામાં આવે તે ખરાબ છે. માટે સદ્‌ભાવનાને તમારી પ્રત્યેક પ્રવૃત્તિનો પ્રાણ બનાવી દો તો પ્રવૃત્તિ જ સાધના બની જશે.

●

બનાર્ડ શૉએ એક ઠેકાણે કહ્યું છે કે આજના યુગની એક સારામાં સારી વસ્તુ એ છે કે માણસ ધનની મહત્તા સમજ્યો છે. ધન એક અત્યંત અનિવાર્ય વસ્તુ છે, એની પ્રતીતિ સૌને થઈ ચૂકી છે. બરાબર છે. શૉના શબ્દો સાથે આપણે સંમત થઈશું; પરંતુ માત્ર ધનની મહત્તા અને અનિવાર્યતા સમજવાથી જ શું થશે? એવી સમજથી અને એવી સમજ પ્રમાણે ચાલીને ધનસંગ્રહની અભિવૃદ્ધિ કરવાથી જ કાંઈ સર્વોત્તમ માનવ-સંસ્કૃતિનું નિર્માણ નહિ થઈ શકે. ધનની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ આવકારદાયક છે, પરંતુ એ પુરુષાર્થ નીતિ, ન્યાય, સમાજહિત કે માનવતાને તિલાંજલિ આપીને આંધળિયાં કરીને કરવામાં આવે અને સંગ્રહિત કરેલા ધનનો સદુપયોગ કરવાની કળા શીખવામાં ન આવે, તો ધન માટેની એવી લિપ્સા, હોડ અને પ્રવત્તિ પ્રસશ્ય નહિ જ થઈ પડવાની. માણસ કેવળ ધનની પ્રાપ્તિ માટેનું મશીન નથી : એણે મશીન થવાનું પણ નથી : એ સૌથી પહેલાં ને છેવટે માણસ છે ને એણે માણસ બનવાનું તેમ જ માણસ રહેવાનું છે, એ વાત ન ભૂલાવી જોઈએ. એ વાતના



વિસ્મરણથી માનવનું ગૌરવ નહિ રહેવાનું. દુર્ભાગ્યે એ વાત આજે વિસરાતી જાય છે. માણસ ધનની મહત્તા સમજ્યો છે, પરંતુ ધનપ્રાપ્તિનાં પ્રામાણિક સાધનો તથા ધનના સદુપયોગની મહત્તા નથી સમજ્યો. આજના યુગની આ મોટામાં મોટી ત્રૂટી છે. ધનને ઘણું વધારે મહત્ત્વ આપી દેવામાં આવ્યું છે, તેને સર્વોપરી પદ પ્રાપ્ત થયું છે, ને તેના સંચય માટેની સ્પર્ધા ને લાલસામાં માનવજીવનનું મહામૂલું મહત્ત્વનું ધ્યેય ભૂલી જવાયું છે. સાધના કે પ્રવૃત્તિ કેવળ ધનસંચય પૂરતી જ સીમિત રહી છે કે સાર્થકતા માનતી થઈ છે. એ વૃત્તિ કે પ્રવત્તિને આદર્શ અથવા તો અભિનંદનીય કેવી રીતે કહી શકાય? માનવના જીવનનું ધ્યેય ધનસંગ્રહ કરતાં કરોડોગણું વધારે કિંમતી છે. એ જીવનમાં ધન આવશ્યક છે, પરંતુ ધનને જે રાજાપાઠ આપવામાં આવે છે તે બરાબર નથી. ધન કદી મુખ્ય અભિનેતા ન થઈ શકે કે પ્રમુખપદની ખુરસી પર બેસી ન શકે, એ યાદ રાખવાનું છે.

●

જીવનને ઉજ્જ્વળ કરવાની ઈચ્છાવાળાં માણસોએ આ વસ્તુ ખાસ યાદ રાખવાની છે. જો તમે દાક્તર હો તો દરદીને ઈશ્વરના પ્રતિનિધિરૂપ માનો, માનવના રૂપમાં રહેલા દેવતા સમજો, અને એની સાથે સ્નેહ, સદ્‌ભાવ, સૌજન્ય ને મીઠાશથી ભરેલો વ્યવહાર કરો. દરદીનું કેટલુંક દુઃખ તમારા માનવતાપૂર્ણ વ્યવહારથી જ ઓછું થઈ જશે, ને બીજું કેટલુંક દવાથી. ગરીબ અને અસહાયની મફત શુશ્રૂષા કરવામાં આનંદ માનો. ધનની તરફ જ દૃષ્ટિ રાખીને દાક્તર તરીકેનું કામ ન કરતા. વધારે ધ્યાન ધન કમાવા તરફ નહિ, પરંતુ દરદને દૂર કરવા

તરફ આપજો. તો દાક્તર તરીકેનું કામ કરતાં કરતાં પણ, જીવનના વિકાસના ક્ષેત્રમાં આગળ વધી શકશો. દાક્તરનો વ્યવસાય તમારે માટે સાધનાની પ્રવૃત્તિ જેવો બની રહેશે. અને દવાખાનું કે હોસ્પિટલ સાધનામંદિર જેવી મંગલ થશે.

●

વકીલોએ પણ એ જ વાત યાદ રાખવાની છે. વકીલોનું ધ્યેય લોકોની પાસેથી મોટી ફી લેવાનું જ ન હોય; સત્યના આગ્રહ, સંસ્થાપન તેમ જ જીવનની ઉન્નતિ માટેનું પણ હોય. જે ઉન્નતિ દૈવી સંપત્તિનો ઘાત કરીને કે માનવતાને મારી નાંખીને, માનવ મટી જઈને કરવામાં આવે છે, તે સાચી ઉન્નતિ નથી, અને કોઈનું કલ્યાણ નથી કરી શકતી. ઉન્નતિ એટલે કેવળ મોટર, બંગલા, નોકરચાકર ને પ્રતિષ્ઠા નથી, પરંતુ આત્માની શાંતિ છે : મનની સ્થિરતા કે શુદ્ધિ છે : ઈન્દ્રિયોનો સંયમ ને વિજય છે : સદ્‌ગુણોની પ્રતિષ્ઠા છે : સેવા છે તથા પરમાત્માના સાક્ષાત્કાર માટેનો પુરુષાર્થ છે.

●

લેખક, પ્રકાશક ને શિક્ષક પણ પોતપોતાના પ્રવૃત્તિક્ષેત્રને સાધનાય બનાવી શકે છે. લેખક, પ્રકાશક ને શિક્ષક પોતાની જવાબદારી સમજે, અને પ્રજાના ઘડતરની જે વિશાળ તક પોતાને પ્રાપ્ત થઈ છે તેનો વિચાર કરીને સરસ રીતે વિનિયોગ કરે. તેવી જ રીતે વેપારીનું પણ સમજી લેવાનું છે. વેપારી ફક્ત ધન એકઠું કરવા માટે જ નથી બેઠો : તે લોકોનો સેવક છે : માટે તેણે પ્રામાણિકતા સાચવવી જોઈએ, નફાખોરી છોડવી જોઈએ; ભેળસેળમાંથી મુક્તિ મેળવવી જોઈએ, અને ગ્રાહકો સાથે ઉત્તમ પ્રકારનો વ્યવહાર કરવો જોઈએ. સેવકો, અમલ-



દારો, પ્રધાનો અને નેતાઓએ પણ એ જ બોધપાઠ લેવાનો છે. સૌનો આગ્રહ તેમ જ પ્રયત્ન જીવનને ઉદાત્ત, પ્રામાણિક કે સ્વચ્છ કરવા તરફ ધ્યાન આપવું જોઈએ. એમ થાય તો સાધના આપણે માટે નદી કે પર્વતના પ્રદેશમાં ને વૃદ્ધાવસ્થામાં કરવાની વસ્તુ ન રહે. જીવન સાથે તે એકરૂપ થઈ જાય. ઘરમાં, સમાજમાં, દુકાનમાં, ઓફિસમાં કે બીજે બધે જ કરવાની વસ્તુ બની જાય. એને પરિણામે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ વધારે ને વધારે પ્રાણવાન બને અને આપણા જીવનમાં જે ઊંડો અસંતોષ અને અનર્થનો અસુર ફરી વળ્યો છે તે દૂર થાય. કલ્પના કરો કે જીવન ને જગત કેટલું બધું જીવવા જેવું બની જાય!

**કોનો કોપ ઉપકારક થઈ પડે છે?**

આશ્ચર્યની વાત છે કે સત્પુરુષનો કોપ પણ ઉપકારક નીવડે છે.

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઈલ : **૩૧૧૦૩૦૪**

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# આદર્શ દૃષ્ટાંતમાળા

સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ

## ઉપદેશક સંયમી હોય તો જ સંયમનો ઉપદેશ લાગે

એક બ્રાહ્મણ પોતાના આઠ વર્ષના પુત્રને એક સાધુની આગળ લઈ જઈને કહેવા લાગ્યો : "મહારાજ! મારો આ છોકરો દરરોજ ચાર પૈસાનો ગોળ ખાય છે અને એટલો ગોળ નથી આપતા, તો કંકાસ કરે છે. એનો કાંઈ ઉપાય બતાવો." સાધુએ ઉત્તર આપ્યો : "એક પખવાડિયું વીત્યા પછી છોકરાને લઈને પાછો મારી પાસે આવજે." બ્રાહ્મણ પંદર દિવસ પછી પાછો પુત્ર સહિત સાધુની સેવામાં હાજર થયો. સાધુએ બાળકનો હાથ પકડીને મધુર સ્વરે કહ્યું : "બેટા! હવે ગોળ ખાઈશ નહિ અને કજિયો પણ કરીશ નહિ." ત્યાર પછી પીઠ ઠોકીને તથા લાડથી તેની સાથે વાતચીત કરી તે સાધુએ તેને રજા આપી. બાળકે એ જ દિવસથી ગોળ ખાવાનું તેમ જ કંકાસ કરવાનું છોડી દીધું.

દસબાર દિવસ પછી બ્રાહ્મણે સાધુની પાસે જઈને એ આશ્ચર્યકારક ફેરફારના સમાચાર કહ્યા અને આગ્રહપૂર્વક પૂછ્યું કે, "આપે એક વાર ઉપદેશ આપ્યાથી જ આટલો બધો ફેરફાર થઈ ગયો, તો પછી પહેલે જ દિવસે એ ઉપદેશ નહિ આપતાં પંદર દિવસ પછી આપવાનું શા સારુ કહ્યું? એનું રહસ્ય શું છે? તે જણાવીને મારી જિજ્ઞાસાને તૃપ્ત કરો. આપને તો વચનસિદ્ધિ છે." સાધુએ હસીને જવાબ આપ્યો : "ભાઈ! જે માણસ પોતે સંયમ પાળી શકતો નથી, તેના ઉપદેશમાં બળ રહેતું નથી. હું



ગોળને સારુ રડતો નહોતો, પણ ભોજનની સાથે થોડો થોડો ગોળ દરરોજ ખાતો હતો. એ ટેવ છોડી દેવાથી મનમાં કેટલી આકાંક્ષા થાય છે, તે મેં જાતે એક પખવાડિયા સુધી પરીક્ષા કરીને જોયું અને જ્યારે મારો અભ્યાસ દૃઢ થયો, ત્યારે મેં ધાર્યું કે, તમારા પુત્રને દૃઢ ભાવથી સંપૂર્ણ ગોળ ખાવાનું છોડી દેવાનો ઉપદેશ આપવાનો હવે હું અધિકારી બન્યો છું." બ્રાહ્મણ પણ આ વાત સાંભળીને લજવાઈ ગયો અને તેણે ગોળ ખાવો છોડી દીધો. દૃઢ સાધના, સંયમ અને ત્યાગ એ ત્રણે વાનાં મળે છે, ત્યારે સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## પાંચ શીખોનાં બલિદાન

ગુરુ ગોવિંદસિંહે એક વખત પોતાના શિષ્યોમાં એવી ખબર ફેલાવી કે, "મારા ઉપર નયનાદેવી પ્રસન્ન થયાં છે અને મેં એમની પાસેથી વરદાન પ્રાપ્ત કર્યું છે." આ વાતથી એમના શિષ્યો ઘણા પ્રસન્ન થયા; પરંતુ એ શિષ્યો પોતાને ખાતર કેટલે સુધી સ્વાર્થત્યાગ કરવા તૈયાર છે, તે જાણવાની ઈચ્છા થયાથી એમણે ઠેકાણે ઠેકાણે આજ્ઞાપત્ર મોકલી આપ્યાં કે, "સંવત ૧૭૫૫ ની ચૈત્રી પૂર્ણિમાને દિવસે આનંદપુરમાં એક મહોત્સવ થશે, તે પ્રસંગે બધાએ અવશ્ય પધારવું."

ગુરુ સાહેબનું આજ્ઞાપત્ર મળતાં દૂર દૂરથી આવીને શિષ્ય-વર્ગ એકઠો થવા લાગ્યો. નક્કી કરેલે દિવસે ગુરુ સાહેબે એક તંબૂ ઊભો કરાવ્યો; પુષ્પ, તોરણ અને ચંદરવા બંધાવ્યા; એક વિશાળ સભામંડપ રચ્યો અને તેની પાછળ એક બીજો તંબૂ ઊભો કરાવ્યો જેના દ્વાર ઉપર એક પડદો નાખવામાં આવ્યો હતો. તે તંબૂના અંદરના ભાગમાંથી છેક સભાગૃહ સુધી એક પાકી મોરી બંધાવી હતી અને કોઈ જાણે નહિ એમ પાંચ બકરાં

ત્યાં આગળ ગુપ્ત રીતે બંધાવી રાખ્યાં હતાં.

જ્યારે દરબાર ભરાયો, મોટા મોટા માનમરતબાવાળા અને ધનવાન શિષ્યો જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને અંત્યજ જાતિ સુધીના લોકો ઉપસ્થિત થયા અને પોતપોતાના સ્થાન ઉપર બેસી ગયા, ત્યારે ગુરુ સભાગૃહમાં પધાર્યા. બધા ઊભા થયા અને 'સત્યશ્રી અકાલ પુરુષકી જય' 'વાહ ગુરુકી ફતેહ' એ શબ્દોથી ગુરુ સાહેબનો જયજયકાર ગજાવી મૂક્યો. ગુરુ સાહેબે બધા શિષ્યોને સંબોધીને કહ્યું : ''ભાઇઓ! સત્યશ્રી અકાલ પુરુષના મહિમાથી અને આપ લોકોના પુણ્યબળથી શ્રી નયનાદેવીને પ્રસન્ન કરવા મેં જે યજ્ઞ આરંભ્યો હતો, તે પૂર્ણ થયો છે; પરંતુ ધર્મના સંરક્ષણ અને દેશના ભાવિ કલ્યાણને માટે દેવીએ મારી પાસે કાંઇક ભેટ માગી છે, તે ધરાવ્યા સિવાય તે પૂર્ણ તૃપ્ત થશે નહિ. એ ભેટ આપવી મારી શક્તિની બહાર છે અને તેથી જ આપ લોકોને અહીં આવવાની તકલીફ આપી છે. મને ખાતરી છે કે, આપ મને એ કાર્યમાં સહાય આપશો જ.''

હાજર રહેલા શિષ્યોએ એક અવાજે કહ્યું : ''ગુરુ સાહેબની જે આજ્ઞા થશે, તેનું પાલન કરવા અમે તૈયાર છીએ.''

ગુરુ સાહેબે ફરીથી ભાષણ શરૂ કર્યું : ''મારી દૃઢ આસ્થા છે કે, આપ લોકો પોતાની પ્રતિજ્ઞાનું પાલન અવશ્ય કરશો જ. હવે તે ભેટનું વૃત્તાંત લક્ષપૂર્વક સાંભળો. દેવીજી મારી પાસે પાંચ શિષ્યોનું બલિદાન માગે છે, તો આપનામાં એવા કોઇ ગુરુના સાચા ભક્ત અને ધર્મને માટે પ્રાણ અર્પણ કરનારા છે કે જે ધર્મ અને દેશના કલ્યાણને માટે ભવાનીને ભોગ ધરાવવા પોતાનાં મસ્તક અર્પણ કરે?''



એટલું કહી તેમણે મ્યાનમાંથી તલવાર ખેંચી. આ દૃશ્ય જોઇને ઘણાના હોંશ જ ઊડી ગયા; પણ લાહોરનિવાસી ભાઇ દયાસિંહ નામનો ક્ષત્રિયવીર હાથ જોડીને ઊભો થયો. બધાની નજર તેના તરફ જ ચોંટી હતી. તેણે કહ્યું : ''ગુરુ મહારાજ! આપની કૃપાથી એકવાર તો શું પણ દશ વાર મસ્તક આપવાને તૈયાર છું.'' એટલું કહી તે આગળ વધ્યો.

ગુરુ સાહેબ તેને પોતાની સાથે તંબૂની અંદર લઇ ગયા અને ત્યાં જે પાંચ બકરાં બાંધેલાં હતાં, તેમાંના એકનું માથું કાપી નાખ્યું. રક્તધારા મોરીમાંથી વહેતી વહેતી સભામંડપમાં જઇ પહોંચી અને ગુરુ સાહેબ તે શિષ્યને અંદર બેસાડીને લોહીથી ખરડાયેલી નાગી તલવાર હાથમાં લઇ સભામંડપમાં આવી ઊભા અને બીજા બલિદાનને માટે માગણી કરી. આ વખતે ધર્મસિંહ જાટ, હિંમતસિંહ ભોઇ, મોકમસિંહ રંગરેજ અને સાહેબસિંહ હજામ એમ ચાર જણાએ એકે એકે બલિદાન આપવાની ઇચ્છા જણાવી. ગુરુજીએ, એમને એકે એકે અંદર લઇ જઇને એક એક નવા બકરાનું માથું કાપીને લોહીની નીકો વહેવરાવી. ત્યાર પછી એ પાંચે જણાને સ્નાન કરાવીને તથા એકસરખાં કીમતી વસ્ત્ર પહેરાવીને અને ઢાલતલવાર બંધાવીને બહાર આણ્યા. આશ્ચર્યચકિત થયેલા શિષ્યવર્ગ આગળ તેમણે આ ભેદ ખુલ્લો કર્યો તથા એ પાંચ શિષ્યોને સંબોધીને કહ્યું : ''તમારું જીવન આજથી માતાજીને અર્પણ કરવામાં આવ્યું. આજથી તમે માતાજીના થઇ ચૂક્યા. દેવીના કાર્યમાં, દુષ્ટોને દમવામાં અને ધર્મનું રક્ષણ કરવામાં તમારે રાતદિવસ લાગ્યા રહેવું જોઇએ. તમને પાંચે જણાને મારા એક એક હજાર સૈનિકોના સેનાપતિ બનાવવામાં આવે છે.''

આત્મોત્સર્ગ એ જ ખરેખરો નરબલિ છે. પશુની માફક ગમે તેને પકડીને બલિદાન આપવું એ બલિદાન નહિ પણ નરહત્યા છે. ધર્મને ખાતર આવા પ્રકારે અપાયેલાં બલિદાન જ સારા નરબલિ છે. આ પાંચ મહાત્માઓએ મનને જરા પણ ચંચળ થવા દીધા વગર સ્વદેશ, સ્વધર્મ અને ગુરુની આજ્ઞાના પાલન ખાતર પોતાના પ્રાણ અર્પણ કર્યા હતા. એ પાંચે જણા-ઓ ગુરુની તરફથી પોતાના સૈન્ય સહિત શત્રુઓ સાથે ઘણી વીરતાપૂર્વક લડ્યા હતા અને રણભૂમિમાં જ મરણ પામ્યા હતા.

તેના ઉદાહરણથી અનેક પુરુષોએ શીખધર્મની દીક્ષા લઈને દેશસેવામાં પોતાનાં જીવન અર્પણ કર્યાં હતાં.

### ❀ અંબાજીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી ❀

આ વર્ષે ગુરુપૂર્ણિમાનું પર્વ તા. ૨–૭–૨૦૦૪ ને શુક્રવારના રોજ આવે છે. આથી પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીના ભક્તો માટે તેની ઉજવણી સર્વમંગલ ચરિટેબલ ટ્રસ્ટ તરફથી અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં કરવાનું ઠરાવ્યું છે. પૂ. માના આદેશ પ્રમાણે આ દિન સાધનાદિન તરીકે ઉજવાશે. તો સર્વ સાધક ભાઈબહેનોને તેમાં ભાગ લેવા ટ્રસ્ટ તરફથી જાહેર નિમંત્રણ છે.

**– તંત્રી**



# તૈત્તિરીય ઉપનિષદ્

**પૂ. યોગેશ્વરજી**

## (૧) શરૂઆત : ઉપનિષદ્‌નું અમૃત

પ્રભુની પરમ કૃપાથી આપણે ઉપનિષદ્‌ની વિચારણામાં આગળ ને આગળ વધતા જઈએ છીએ. ગંગાના નિર્મળ ને શીતળ સલિલના સ્નાનથી પ્રભાતના પ્રથમ પ્રહરમાં કેવી તાજગી ને શાંતિ મળે છે તેનો અનુભવ તો ઘણાને હશે. કેટ-લીક વાર તો એવું જ લાગે છે કે જાણે તન ને મનની ક્રાંતિ થઈ ને નવો જન્મ મળ્યો, ઉપનિષદ્‌ના અમૃતનો આસ્વાદ પણ એવો જ છે. આ અમૃતના આચમન, પાન ને સ્નાનથી આખો દિવસ કેવી સ્ફૂર્તિ રહે છે તે તો અનુભવી પુરુષો સહેજે સમજી શકે તેમ છે. પ્રભાતના પ્રથમ પ્રહરમાં જેણે એ સ્વાદ લીધો તેનો આખો દિવસ સુધરી ગયો ને સ્વર્ગીય થયો એમ સમજવું. એનો અર્થ એવો નથી કે બાકીના સમય દરમિયાન તેનો લાભ ઓછો મળે છે. એ તો અમૃત છે ને જ્યારે પણ એનો લાભ લેવાય ત્યારે એક જ સરખી અકસીર અસર કરે છે ને સુખકારક તથા શાંતિદાયક થઈ પડે છે. નિરાશાયુક્ત કે ગમગીન દશામાં પણ તેનો લાભ લેવામાં આવે તો મોટું બળ મળે છે, પ્રેરણાની નવી સામગ્રી જડે છે, ને મોટામાં મોટી ચિંતા પણ ટળે છે. સુંદર સુવાસથી સુશોભિત ને સંપન્ન થયેલા ઉપનિષદ્‌રૂપી ઉદ્યાનમાં જે ફરે છે તેને નવો શ્વાસ મળે છે ને તેની જડતા તથા થકાવટ દૂર થાય છે. ઉપનિષદ્‌ના અલૌકિક અમૃતનો આસ્વાદ લેનારનો સમય ને દિવસ જ સુધરે છે એમ નહિ, પણ તેનું સમસ્ત જીવન

ધન્ય બની જાય છે. અમૃતનું પાન જેમ રોગને દૂર કરે છે તેમ આ અમૃતનો સ્વાદથી મોટામોટા કામ, ક્રોધ, લોભ, અહંતા, મમતા, ઈર્ષા ને નિંદા જેવા માનસરોગો દૂર થાય છે ને તન ને મન નિર્મળ બને છે. કહે છે કે અમૃતના પાનથી જરાવસ્થા દૂર થાય છે ને અખંડ યૌવનની પ્રાપ્તિ થાય છે. ઉપનિષદ્ના આ અલૌકિક અમૃતના સેવનનું પણ તેવું જ સમજવાનું છે. તેથી જુવાનીને છાજે તેવી નવી શક્તિ, નવી સ્ફૂર્તિ ને તાજગીની પ્રાપ્તિ થાય છે; લોહીના કણેકણમાં ઉત્સાહ ને તરવરાટ પ્રકટે છે, ને જીવન પ્રસન્નતા, શાંતિ, પ્રગતિના નવા પ્રાણવાયુ તથા પવિત્રતાથી ભરાઈ જાય છે; આંખ ને અંતરમાં આનંદનો અર્ણવ ઉછાળા મારે છે; વિચારશક્તિ ખીલે છે ને ભાવના, પ્રેમ, દયા ને જ્ઞાન પોતાની પરિસીમાએ પહોંચે છે. એથી વધારે જુવાનીની નિશાની બીજી કઇ જોઇએ? છેલ્લે છેલ્લે એમ કહેવાય છે કે અમૃતના પાનથી મૃત્યુંજય કે અમર થવાય છે. ઉપનિષદ્ના સંબંધમાં એ પણ સાચું ઠરે છે. તેના પ્રત્યેક વિચારમાં જે અમૃત સમાયેલું છે તેનું પાન કરનાર પોતાના મૂળ આત્મસ્વરૂપને જાણી લે છે, ને તેની બધી જ ભીતિ દૂર થાય છે. મૃત્યુનો ભય પણ તેને નથી રહેતો. તેને મારવાની શક્તિ કાળના કાળમાં નથી રહેતી. પેલું પુરાણોમાં કહેલું અમૃત તો આપણી પાસે નથી. પરંતુ તેનાથી સહેજ પણ ઊતરે નહિ પરંતુ ચડે તેવું આ જ્ઞાનનું અમૃત આપણી સમક્ષ પીરસેલું છે. મંથન કરીને મહાન ઋષિઓએ આપણે માટે તે તૈયાર રાખેલું છે. એનો આસ્વાદ લઈએ એટલી જ વાર છે. પેલા અમૃતથી તો માણસ યુવાન બનતો અને અમર થતો પરંતુ તેનું મન ને અંતર એવું જ રહેતું. તેમાં સુધાર ન થઈ શકતો. તેનાથી માનવનું



આંતરિક પરિવર્તન—સ્વભાવનું પરિવર્તન ને ઊર્ધ્વીકરણ ન થતું. પણ આ અમૃત તો એથી આગળ વધીને માણસને આમૂલ ફેરવી નાખે છે. તેને બધી રીતે આદર્શ ને દૈવી કરીને પરમાત્માની પાસે પહોંચાડે છે. પેલા અમૃતમાં પરમાત્માની પ્રાપ્તિ કરાવવાની તાકાત ન હતી. આવા અલૌકિક અમૃતનું દાન દેવા બદલ ભારતના પ્રાચીન ઋષિવરોનો આપણે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

**દુર્જનના સંગનું પરિણામ**

જેમ કાદવના સંગથી શુદ્ધ જળ પણ મલિન થાય છે તેમ દુર્જનના સંસર્ગથી સજ્જનનો પણ વિનાશ થાય છે.

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

શ્રવણમનન એક વસ્તુ છે અને અનુભૂતિ બીજી જ વસ્તુ.

અનુભૂતિનો ક્રમ આગળનો અને આવશ્યક છે. સંપૂર્ણ શાંતિ એથી જ સાંપડી શકે છે ને શ્રદ્ધાનો પ્રચંડ પ્રવાહ પણ એના પરિણામે જ પ્રકટે છે.

વસુદેવ એ અનુભૂતિથી આશ્ચર્યચકિત થઇને આનંદમગ્ન અંતરે આગળ વધ્યા.

અનેક પ્રકારના તર્કવિતર્ક કરતા ને તાજેતરના અસામાન્ય ભૂતપ્રસંગોનું સ્મરણ કરતા આખરે એ ગોકુળના પ્રશાંત પાવન પ્રસન્ન પ્રદેશમાં આવી પહોચ્યા.

પેલા અદ્‌ભુત બાળકના શબ્દોનું સ્મરણ કરીને, અંતરાત્માના આદેશાનુસાર, એ પોતાના ઘનિષ્ઠ વિશ્વાસુ મિત્ર નંદના પ્રાસાદના પ્રાંગણમાં પ્રવેશ્યા.

ત્યાં પણ એમને એ અલૌકિક શક્તિનો મહાન ચમત્કાર દેખાયો.

એ માટે એમણે એ વિશાળ સર્વોત્તમ શક્તિનો આભાર માન્યો.

નંદને ત્યાં જઇને જોયું તો સર્વે અચેતાવસ્થામાં સૂતેલાં.

એમને જગાડવાની ઈચ્છા એમને ના થઇ.

એની આવશ્યકતાયે ન હતી.

એમણે તો પેલા દૈવી આદેશને માત્ર અનુસરવાનું હતું એટલું જ.



એને અનુસરીને જ પોતે ગોકુલમાં નંદને ત્યાં આવી પહોચેલા.

નંદના રમણીય પ્રાસાદનાં દ્વાર પણ એમણે ઉઘાડાં જ જોયાં.

નંદપત્ની યશોદાના સુંદર ખંડમાં એ કોઇ પણ પ્રકારના પરિશ્રમ વગર, સહેલાઈથી પ્રવેશ્યા.

પેલી દૈવી શક્તિની અલૌકિક વાણી પ્રમાણે, રત્નજડિત દીપકના મધુર મંદ પ્રકાશમાં, યશોદાની સુંદર શય્યામાં તરતની જન્મેલી કન્યાનું એમણે દર્શન કર્યું.

યશોદા ગાઢ નિદ્રામાં લીન હોવાથી એને પણ વસુદેવના આગમનની ખબર ના પડી.

પોતાના અંતરની અંતરંગ પ્રેરણાથી પ્રેરાઇને વસુદેવે એ કમનીય કન્યાને સ્થાને પોતાના સુપુત્રને સુવાડી દીધો ને કન્યાને તેડી લીધી.

થોડી વાર સુધી તો એ અદ્‌ભુત પુત્રને નિર્નિમેષ નેત્રે નિહાળતા એ ઉભા રહ્યા.

એમનું હૃદય લાગણીથી ભરાઇને રડવા લાગ્યું.

'કોઇ પિતા પોતાના પુત્રનો સ્વેચ્છાપૂર્વક પરિત્યાગ કરી શકે છે? અને એ પણ એ પુત્રની પ્રાપ્તિ થયા પછી તરત જ? હજુ તો એ પુત્રને પ્રેમ કરવાનો અને પોષવાનો અવસર માંડ પ્રાપ્ત થયો ત્યાં જ એના વિયોગનો વખત પણ આવી પહોંચ્યો?' એમનું અંતર બોલી ઊઠ્યું.

પરંતુ એ જ વખતે એમના અંતરના અંતરતમમાંથી અવાજ આવ્યો :

'પિતા પોતાના પુત્રનો સ્વેચ્છાપૂર્વક પરિત્યાગ કરે કે ના કરે પણ કોઇક વાર, કોઇ અસાધારણ સંજોગોમાં, એ ત્યાગ કરવો પડે છે. આ ત્યાગ લોકહિતાર્થે કરવાનો છે અને એ પણ કામચલાઉ સમયને માટે. તમને જે પ્રજા પ્રત્યે પ્રેમ છે તે જ પ્રજાના પરમહિતને લક્ષમાં લઇને, યજ્ઞની પવિત્ર ભાવનાથી પ્રેરાઇને, આટલો ત્યાગ કરવાનો છે. તેની પાછળ તમારી કે બીજી કોઇ સામાન્ય વ્યક્તિની નહિ પરંતુ મારી જ સ્વતંત્ર સર્વોપરિ ઇચ્છા તથા યોજના જ કામ કરી રહી છેઃ તમારા જેવા અન્ય પિતાને પણ એવા જ વિચારો ઘેરી વળે : પરંતુ આ વખત કેવળ વિચારોથી ઘેરાઇને બેસી રહેવાનો નથી : કર્તવ્યભાવને દૃઢ કરવાનો કે અનુસરવાનો છે.'

વસુદેવના વિક્ષુબ્ધ મનનું સમાધાન થયું.

એમનું મંથન શાંત થયું.

ભીની આંખનાં અશ્રુબિંદુને લૂછીને એ થોડાક સ્વસ્થ થયા ત્યાં તો અવાજે ફરી કહ્યું :

'ચાલો, વિલંબ ના કરો. મારી પ્રેરણા તથા મારા પથ-પ્રદર્શનમાં વિશ્વાસ રાખો. રાત્રિ પૂરી થાય તે પહેલાં ફરી પાછું મથુરાના કારાવાસમાં પહોંચવાનું છે. આ પ્રવૃત્તિની ખબર કંસને નથી પડવા દેવાની.'

'તો પછી શું હવે આ અસાધારણ સૌંદર્યમૂર્તિ શિશુના દર્શન-સમાગમનું સૌભાગ્ય જીવનમાં નહિ મળે? દર્શન અંતિમ છે?'

'અંતિમ નથી. એનાં દર્શન અથવા સમાગમનો યોગ ફરી પણ મળવાનો છે. સંસારના બધા જ સંબંધો અસ્થાયી છે અને કાયમ માટે નથી રહેતા તે તો જાણો છો ને? છતાં પણ આ દૈવી બાળકના દર્શનનો લાભ તમને જરૂર મળી રહેશે. નજદીકના ભવિષ્યમાં જ તમે એના મહિમાની સુંદર વાતો સાંભળી શકશો. હવે જરા પણ વિલંબ ના કરો. ચાલો. દેવકી અતિશય આતુર અંતરે અને આંખે તમારી રાહ જોઇ રહી છે.'



દેવકીના સ્મરણથી વસુદેવનું હૃદય વધારે કરુણ બની ગયું.

એ એક પ્રકારની વ્યાકુળતાનો અનુભવ કરવા લાગ્યા.

અત્યંત અનુરાગપૂર્ણ અંતર સાથે એમણે એ સુંદર સુપુત્રના શરીર પર હાથ ફેરવ્યો.

એને ક્ષણ બે ક્ષણ નીરખી રહ્યા.

અને પછી પેલી અસાધારણ સૌંદર્યવતી કન્યા સાથે બહાર નીકળ્યા.

રસ્તામાં વચ્ચે વચ્ચે હૃદય ધડકવા લાગ્યું.

મનમાં જાતજાતની શંકાકુશંકાઓ પેદા થઇ.

પરંતુ અંતરમાં આસીન થઇને પ્રેમપૂર્વક પ્રેરણા પહોંચાડ-નારી એ પરમશક્તિએ સઘળી શંકાકુશંકાઓને શાંત કરી દીધી.

યમુનાએ પાછા ફરતી વખતે પણ પૂર્વવત્ માર્ગ કરી આપ્યો.

એથી પરમપ્રસન્ન, પુલકિત અને શ્રદ્ધાન્વિત બનેલા વસુદેવ ઝડપી પગલે આગળ વધ્યા ને કંસના કારાવાસ આગળ આવી પહોંચ્યા.

કારાવાસનું દૃશ્ય દેખીને એમના આશ્ચર્યનો અંત ના રહ્યો. કારાવાસના દરવાજા એવા જ ઉઘાડા હતા ને બહાર દ્વારપાળો પહેલાંની પેઠે જ ઊંઘી ગયેલા.

(ક્રમશઃ)